ભ્રષ્ટાચારને ખુલ્લા પાડતું નીડર અને નિષ્પક્ષ દર રવિવારે પ્રગટ થતું સાપ્તાહીક

R.N.I. No.GUJGUJ / 1996-10860

# કર્ણાવતી વર્તમાન

સાપ્તાહીક

તંત્રી : ભારતીબેન મહેતા

મેનેજીંગ તંત્રી : રાકેશભાઇ મહેતા મો. ૯૮૯૮૯૧૬૪૧૦

સહતંત્રી : મનીષાબેન ખલાટે - મો. ૯૮૭૫૨ ૯૦૫૮૩

વર્ષ-૨૮ અંક-૧૭ તા. ૧૮-૦૫-૨૦૨૫ રવિવાર (વર્ષ : ૩ અંક-૨૭) પાના-૪ કિંમત:૧.૦૦ રૂપિયા વાર્ષિક લવાજમ ૫૦-૦૦

Vol . 28 Issue No. 17- 18-05-2025 (Current vol. : 3 , issue 27 Page-4 Price Rs.1/- Subscpition Rs.25/- Place Of Publication : 16, Rajsmruti Flat, Christian Colony, Nr. C.N.I. Church Hall, Behrampura, Ahmedabad-380022

### અત્યાર સુધીમાં પંજાબના મલેરકોટલા અને હરિયાણાથી કુલ ૬ પાકિસ્તાની જાસૂસોની ધરપકડ કરાઈ ચૂકી છે.

## પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપસર જાણીતી યુટ્યુબર જ્યોતિ મલ્હોત્રાની ધરપકડ

ચંડીગઢ,તા.૧૭

પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપમાં હરિયાણાની યુટ્યુબર જ્યોતિ મલ્હોત્રાની ધરપકડ કરાઈ છે. અત્યાર સુધીમાં પંજાબના મલેરકોટલા અને હરિયાણાથી કુલ ૬ પાકિસ્તાની જાસૂસોની ધરપકડ કરાઈ ચૂકી છે. જ્યોતિ મલ્હોત્રા પાકિસ્તાન હાઈ કમિશનમાં કાર્યરત દાનિશ નામના અધિકારીના સંપર્કમાં હતી અને દાનિશે તેને પાકિસ્તાન મોકલી હતી. જ્યોતિ મલ્હોત્રા પોતાની ટ્રાવેલ ચેનલ ચલાવે છે અને તે પાકિસ્તાન પણ ગઈ હતી અને અનેક ગુપ્ત માહિતીઓ પાકિસ્તાનમાં શેર કરતી હતી.

જ્યોતિના પાકિસ્તાન પ્રવાસ દરમિયાન ત્યાંની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ સાથે સંબંધો બન્યા. મળતી માહિતી મુજબ વર્ષ ૨૦૨૩માં જ્યોતિ મલ્હોત્રાએ પાકિસ્તાનનો પ્રવાસ કર્યો હતો. આ યાત્રા તેણે કમીશન દ્વારા વિઝા લઈને કરી હતી. આ દરમિયાન જ્યોતિની મુલાકાત પાકિસ્તાન હાઈ કમિશનના કર્મચારી એહસાન ઉર





રહીમ ઉર્ફે દાનિશ સાથે થઈ હતી. જેની સાથે પછી તેના ગાઢ સંબંધ બની ગયા. દાનિશના માધ્યમથી જ્યોતિની ઓળખ પાકિસ્તની ગુપ્તચર એજન્સીના અન્ય એજન્ટ્સ સાથે કરાવવામાં આવી. જેમાં અલી અહેસાન અને શાકિર ઉર્ફે રાણા શહબાઝ સામેલ હતા.

જ્યોતિ આ એજન્ટ્સ સાથે વોટ્સએપ, ટેલિગ્રામ અને સ્નેપચેટ જેવા એક્રિપ્ટેડ પ્લેટફોર્મ્સ દ્વારા સંપર્કમાં રહી હતી. તે માત્ર પાકિસ્તાનની ફેવરમાં સોશિયલ મીડિયા પર પોઝિટિવ છબી રજૂ કરતી હતી એટલું જ નહીં પરંતુ તેણે સંવેદનશીલ જાણકારીઓ પણ શેર કરી. જ્યોતિ એવા ૬ લોકોમાં સામેલ છે જેમને ગુપ્તચર એજન્સીઓની સૂચના બાદ ધરપકડ કરાઈ હતી. જ્યોતિને દાનિશ અને તેના સહયોગી અલી અહેસાનના માધ્યમથી પાકિસ્તાનના ગુપ્તચર અધિકારીઓ સાથે મીટિંગ કરાવી હતી. જેમણે પાકિસ્તાનમાં તેના આવવા જવાના અને રહેવાની વ્યવસ્થા કરી હતી. તેણે એક પાકિસ્તાની ગુપ્તચર અધિકારી સાથે ગાઢ સંબંધ બનાવ્યા અને હાલમાં જ તેની સાથે ઈન્ડોનેશિયાના બાલી પણ ગઈ હતી. આરોપ છે કે જ્યોતિએ ભારતીય જગ્યાઓ સંબંધિત સંવેદનશીલ માહિતી શેર કરી અને દિલ્હીમાં રહેવા દરમિયાન પીએચસી હેન્ડલર દાનિશના સંપર્કમાં રહી. આ મામલે લેખિત કબૂલાતનામું નોંધાયું છે અને કેસ દાખલ થયો છે. ભારત સરકારે ૧૨ મે ૨૦૨૫ના રોજ દાનિશને પર્સોના નો ગ્રાટા જાહેર કરીને તેને દેશ છોડવાનો આદેશ આપી દીધો હતો. જ્યોતિ મલ્હોત્રા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૫૨ અને ઓફિશિયલ સિક્રેટ્સ એક્ટ ૧૯૨૩ની કલમો ૩, ૪, ૫ હેઠળ કેસ દાખલ થયો છે. હવે આ મામલાની તપાસ આર્થિક અપરાધ શાખા હિસારને સોંપવામાં આવ્યું છે.

જ્યોતિ મલ્હોત્રા હરિયાણાના હિસા જિલ્લાની છે. તેણે ફેસબુક પર આપેલી જાણકારીમાં હિસારને હોમટાઉન ગણાવ્યું છે. તેણે કુરુક્ષેત્ર યુનિવર્સિટીથી અભ્યાસ કર્યો છે. જ્યોતિ એક યુટ્યુબર અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર છે. જ્યોતિના ઈન્સ્ટાગ્રામ પર ૧૩૧ હજાર ફોલોઅર્સ છે. યુટ્યુબ પર જ્યોતિને ૩૭૭ હજારથી વધુ લોકો ફોલો કરે છે. જ્યોતિ ટ્રાવેલ બ્લોગ બનાવે છે.

જ્યોતિ પાકિસ્તાન ગઈ હતી. તે પાકિસ્તાન હાઈકમિશન ગઈ હતી. આ દરમિયાન તેની પાકિસ્તાનના અનેક ઉચ્ચ અધિકારીઓ સાથે મુલાકાત પણ થઈ હતી. તેણે તેની જાણકારી ઈન્સ્ટાગ્રામ પેજ પર શેર પણ કરી હતી. જ્યોતિ મલ્હોત્રાએ પાકિસ્તાન સ્થિત ૫૦૦૦ વર્ષ જૂના મંદિરમાં પણ દર્શન કર્યા હતા. તેણે તેનો વીડિયો શેર કરતા લખ્યું હતું કે ૫૦૦૦ વર્ષ જૂના ઈતિહાસવાળા આ સૌથી મોટા હિન્દુ મંદિરમાં ભારતીય છોકરી...આંસુઓના આ પવિત્ર તળાવમાં સ્નાન કરો અને તમારા પાપ ધોવાઈ જશે! કટાસ રાજની અંતર આ તળવા વિશે હિન્દુઓની આ જ માન્યતા છે. એક બ્રાહ્મણ કથામાં કહેવાયું છે કે કટાસ રાજ મંદિરમાં તળાવ ભગવાન શિવ દ્વારા તેમની પત્ની સતીના મૃત્યુ બાદ વહાવેલા આંસુઓથી બન્યું હતું. એવું કહેવાય છે કે મંદિર પરિસરનું નામ સંસ્કૃત શબ્દ કટાક્ષ પરથી લેવાયું છે જેનો અર્થ થાય છે આંસુ ભરી આંખો. દરમિયાન, હરિયાણાના કૈથલના એક ગામના રહેવાસીની તાજેતરના ભારત-પાકિસ્તાન સંઘર્ષ દરમિયાન પાકિસ્તાન આર્મી અને ઈન્ટર-સર્વિસિસ ઈન્ટેલિજન્સને માહિતી પહોંચાડવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. આરોપીની ઓળખ દેવેન્દ્ર ધિલ્લોન (૨૫) તરીકે થઈ છે, જે મસ્તગઢ ચીકા ગામનો રહેવાસી છે. ડીએસપી કૈથલ વીરભાને જણાવ્યું હતું કે, "કૈથલ જિલ્લા પોલીસને ગુપ્ત માહિતી મળી હતી જેના આધારે અમારા ખાસ ડિટેક્ટીવ સ્ટાફે મસ્તગઢ ચીકા ગામના રહેવાસી નરવાલ સિંહના પુત્ર દેવેન્દ્રની ધરપકડ કરી હતી." દેવેન્દ્રને કસ્ટડીમાં લીધા બાદ પોલીસે તેની પૂછપરછ કરી. પોલીસના જણાવ્યા અનુસાર, પૂછપરછ દરમિયાન દેવેન્દ્રએ પોલીસને જણાવ્યું કે તે પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ ના સંપર્કમાં હતો. પાકિસ્તાનથી પાછા ફર્યા પછી, દેવેન્દ્રએ તેના મિત્રો સાથેની વાતચીતમાં દેશની પ્રશંસા કરી હોવાનું કહેવાય છે. તે પટિયાલાની ખાલસા કોલેજમાં એમએના પ્રથમ વર્ષનો વિદ્યાર્થી છે. એવું કહેવાય છે કે થોડા સમય પહેલા તે પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈના સંપર્કમાં આવ્યો અને ભારત વિરુદ્ધ જાસૂસી કરવાનું શરૂ કર્યું. તેમનો પરિવાર મસ્તગઢ ગામમાં રહે છે અને ખેતી કરે છે. ઘરમાં તેના માતા-પિતા, દાદી, બહેન અને દેવેન્દ્ર પોતે રહે છે.



ધોળકામાં તિરંગા યાત્રાઃચંદ્રભાગા ગાર્ડનથી અટલ સરોવર સુધી ૫૬ ફૂટના રાષ્ટ્રધ્વજ સાથે યાત્રા નીકળી

## બિહારમાં ઓપરેશન સિંદૂરમાં શહીદ થયેલા જવાનોના પરિવારોને ૫૦ લાખની સહાય મળશે

પટણા,તા.૧૭

મુખ્યમંત્રી નીતિશ કુમારની અધ્યક્ષતામાં યોજાયેલી રાજ્ય મંત્રી પરિષદની બેઠકમાં કુલ ૬૯ એજન્ડાને મંજૂરી આપવામાં આવી હતી. કેબિનેટ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. એસ. સિદ્ધાર્થે બેઠકના નિર્ણયો વિશે વિગતવાર માહિતી આપી. તેમણે કહ્યું કે હવે બિહાર રાજ્ય જીવિકા નિધિ ક્રેડિટ કોઓપરેટિવ યુનિયન લિમિટેડની રચના કરવામાં આવશે અને તે બિહાર કોઓપરેટિવ સોસાયટી એક્ટ, ૧૯૩૫ હેઠળ નોંધાયેલ હશે. આ સાથે, જીવિકા પાસે હવે પોતાની બેંક હશે. તેની મદદથી, જીવિકા સાથે સંકળાયેલા દીદીઓ સરળતાથી લોન લઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે રાજ્યમાં લગભગ ૧૧ લાખ આજીવિકા જૂથોની રચના કરવામાં આવી છે, જેમાં ૫૦ લાખથી વધુ મહિલાઓ સંકળાયેલી છે. અધિક મુખ્ય સચિવે જણાવ્યું હતું કે તત્કાલીન નાયબ મુખ્યમંત્રી અને સાંસદ સુશીલ કુમાર મોદીની જન્મજયંતિ દર વર્ષે ૫ જાન્યુઆરીએ રાજ્ય સમારોહ તરીકે ઉજવવામાં આવશે. મંત્રી પરિષદે તેને મંજૂરી આપી દીધી છે.

કેન્દ્ર સરકારની જેમ, રાજ્ય સરકારે રાજ્ય સરકારી કર્મચારીઓને ૨ ટકા મોંઘવારી ભથ્થું આપવાની જાહેરાત કરી છે. આ અંતર્ગત, સાતમા પગાર ધોરણ હેઠળના કર્મચારીઓના મોંઘવારી ભથ્થાને ૫૩ ટકાથી વધારીને ૫૫ ટકા કરવામાં આવ્યો છે. તેવી જ રીતે, પાંચમા પગાર ધોરણ મેળવતા કર્મચારીઓનો મોંઘવારી ભથ્થો ૨૪૬ ટકાથી વધારીને ૨૫૨ ટકા કરવામાં આવ્યો છે અને છઠ્ઠા પગાર ધોરણ મેળવતા કર્મચારીઓનો મોંઘવારી ભથ્થો ૪૫૫ થી વધારીને ૪૬૬ ટકા કરવામાં આવ્યો છે. આ જાહેરાતને કારણે રાજ્યની તિજોરી પર ૧,૭૦૦ કરોડ રૂપિયાનો વધારાનો નાણાકીય બોજ પડ્યો છે. તે જ સમયે, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં, રાજ્ય સરકારના સ્તરેથી ૫૪ હજાર ૨૧૩ કરોડ રૂપિયાની માર્કેટ લોન સહિત ૫૮ હજાર ૧૯૩ કરોડ રૂપિયાની લોન વસૂલાત માટે મંજૂરી આપવામાં આવી છે.

હવે રાજ્યમાં જન્મ અને મૃત્યુ પ્રમાણપત્ર બનાવવાની જવાબદારી ગ્રામીણ સ્તરે પંચાયત સચિવોને સોંપવામાં આવી છે. આ ઉપરાંત, રાજ્યમાં કેન્સરની રોકથામ, સારવાર અને યોગ્ય વ્યવસ્થાપન માટે બિહાર કેન્સર કેર એન્ડ રિસર્ચ સોસાયટીની રચનાને મંજૂરી આપવામાં આવી છે. કેન્સર સારવાર પ્રણાલીને મજબૂત અને વિસ્તૃત કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યમાં કેન્સરના દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. આ સોસાયટીની રચના તેમને સમયસર યોગ્ય તબીબી સુવિધાઓ પૂરી પાડવા માટે કરવામાં આવી રહી છે. આરોગ્ય વિભાગ હેઠળ, બિહાર ફિઝિયોથેરાપિસ્ટ અથવા ઓક્યુપેશનલ થેરાપિસ્ટ કેડરમાં નિમણૂક માટે સંબંધિત નિયમો બનાવવામાં આવ્યા છે.

રાજ્ય સરકાર તેના દિવ્યાંગોને સરકારી નોકરીઓમાં સીધા ૪% આડા અનામતનો લાભ આપશે. અધિક મુખ્ય સચિવે જણાવ્યું હતું કે રાજ્યની બ્લોક કમ ઝોનલ કચેરીઓ અને તેના પરિસરની સ્વચ્છતાની સંપૂર્ણ જવાબદારી જીવિકા જૂથને સોંપવામાં આવી છે. આ નિર્ણય રાજ્ય સરકારે પણ લીધો છે. રાજ્યમાં ૧ હજાર ૬૯ નવા પંચાયત સરકારી મકાનોના નિર્માણ માટે મંજૂરી આપવામાં આવી છે. આ માટે ૨૭ અબજ ૮૪ કરોડ ૯૩ લાખ ૨૭ હજાર રૂપિયાની રકમ મંજૂર કરવામાં આવી છે. આ તમામ પંચાયત સરકારી ઈમારતોમાં એક સુધા મિલ્ક પાર્લર પણ બનાવવામાં આવશે.

રાજ્ય સરકારે ગયાનું નામ બદલીને ગયાજી કર્યું છે. આ સંબંધિત દરખાસ્તને કેબિનેટ બેઠકમાં મંજૂરી આપવામાં આવી હતી. આ નિર્ણય ગાયજીના પૌરાણિક, ઐતિહાસિક અને ધાર્મિક

### દુર્ગેશ રાવલઃ ન્યાયના મેદાનમાં પ્રતિષ્ઠિત અને સમાજસેવામાં સમર્પિત નામ..

## ન્યાય, જાગૃતિ અને જનકલ્યાણ માટે સમર્પિત દુર્ગેશ રાવલ

અમદાવાદઃ

અમદાવાદ ,ગુજરાત ના પ્રતિષ્ઠિત એડવોકેટ તરીકે તેમની ઓળખ ઊભી કરનાર દુર્ગેશ રાવલ માત્ર કાનૂની ક્ષેત્ર પૂરતા સીમિત નથી, પરંતુ તેઓ વર્ષોથી સામાજિક કાર્યક્ષેત્રે પણ નોંધપાત્ર કામગીરી આપી રહ્યા છે. સમાજના ન્યાય અને કલ્યાણ માટે તેમના પ્રામાણિક પ્રયાસો અને વ્યાપક સંકળાવા તેમને યુવાનો માટે પ્રેરણારૂપ બનવામા સફળ બનાવે છે.

દુર્ગેશ રાવલ હાલમાં અનેક પ્રખ્યાત સંસ્થાઓ સાથે જોડાયેલા છે અને વિવિધ જવાબદારીઓ નિભાવી રહ્યા છે. તેઓ "ગુજરાત સ્ટેટ લીગલ એડવાઈઝર - ટ્રાફિક વેલ્ફેર એન્ડ રોડ સેફટી ફાઉન્ડેશન" તરીકે સેવા આપી રહ્યા છે, જ્યાં રોડ સલામતી અને ટ્રાફિક જાગૃતિ માટે કામ કરી રહ્યા છે. ઉપરાંત, તેઓ "વિશ્વ ગુજરાતી સમાજ યુવા સંગઠન, ગુજરાત"ના લીગલ સેલ કન્વીનર



Durgesh Rawal
“Advocate “Gujarat
High Court
Ahmedabad

તરીકે પણ કાર્યરત છે, જ્યાં ગુજરાતી યુવાશક્તિને કાનૂની માર્ગદર્શન આપવાનું મહત્ત્વનું કાર્ય તેઓ સંભાળી રહ્યા છે.

તેમજ તેઓ "એન્ટીકરપ્શન ફાઉન્ડેશન"ના સ્ટેટ લીગલ એડવાઈઝર તરીકે ભ્રષ્ટાચાર વિરુદ્ધ લડત માટે કાર્યરત છે. "ઓલ ઈન્ડિયા એસોસિએશન" અને "રાષ્ટ્રીય હિન્દુ પરિષદ"ના પણ સદસ્ય તરીકે તેમની સક્રિય ભૂમિકા છે. કાનૂની વિદ્વત્તા સાથે તેઓ "અખિલ હિન્દ મહાસભા"ના લીગલ સેલમાં પણ પ્રતિનિધિત્વ આપી રહ્યા છે અને "ગુજરાત પ્રદેશ અધ્યક્ષ" તરીકેની ભૂમિકા નિભાવી રહ્યા છે.


તેમની નિષ્ઠા, કાર્યશક્તિ અને બહુમુખી જવાબદારીઓના પ્રમાણ રૂપે તેઓ "અખિલ ભારતીય અધિવક્તા કલ્યાણ સંઘ"ના સભ્ય છે તથા "ગુજરાત પ્રદેશ લોક કલ્યાણ યુવા સંગઠન"માં લીગલ એડવાઈઝર તરીકે પણ સેવા આપી રહ્યા છે.

દુર્ગેશ રાવલની સેવાઓ આજે ન્યૂનગણ્ય નથી. સમાજમાં ન્યાય, સુરક્ષા, અને જાગૃતિ માટે તેઓ એક મજબૂત સ્તંભ તરીકે ઉભા રહી રહ્યા છે. કાનૂની જગતમાં તેમનો ખમિર અને સામાજિક ક્ષેત્રમાં તેમનો ઉમદા દ્રષ્ટિકોણ આજના યુવા વકીલ અને સામાજિક કાર્યકરો માટે માર્ગદર્શક બને તેવાં છે.

## લોક કલ્યાણ યુવા સંગઠન દ્વારા અશ્વિનભાઈ ચાવડા ની ગુજરાત રાજ્ય પ્રમુખ નિમણુક કરવામાં આવી.

ભાવનગર

ભાવનગર જિલ્લા ના મહુવા તાલુકાના મોટા ખુંટવડા ગામના વતની હાલ સુરત અને નાની ઉંમર માં ખુબ સારી નામના ધરાવતા અને રાત દિવસ જોયા વગર નિસ્વાર્થ ભાવે સેવા કરતા દરેક લોકોના અડધી રાત નો હોંકારો દરેક લોકો ને મદદ કરનાર માનવ સેવા, મહિલા સુરક્ષા સેવા, રાષ્ટ્ર ના હિત ના હંમેશા રાત દિવસ જોયા વગર નિસ્વાર્થ ભાવે સેવા કરતા અને ગુજરાત ના દરેક જીલ્લા તાલુકા શહેર ની અંદર ખુબ સારું કામ કરતા અને સમગ્ર ગુજરાત રાજ્ય ના કોઈપણ લોકોને કોઈપણ જાતની તકલીફ હોઈ તો દરેક મદદ રૂપ થતા કોઈપણ બહેનો મહિલાઓ



ને કોઈપણ જાત ની હેરાન ગતિ થતી હોય અન્યાય થતો હોય અત્યાચાર થતો હોય પોતે રાત દિવસ જોયા વગર બહેનો મહિલાઓની મદદ કરે છે. અને સારું એવું માર્ગદર્શન આપી મહિલાઓને જાગૃત કરી આગળ આવી તેના માટે પ્રયાસ કરે છે. લોકોના કલ્યાણ માટે કાર્ય કરવા, નિરાધાર લોકોને મદદ કરવી, મહિલાઓની સુરક્ષા સેવા માટે કાર્ય કરવા, ગૌ રક્ષા સેવા ના કાર્ય કરવા જેવા કાર્ય સાથે નાની ઉંમર માં ખુબ સારી નામના મેળવી અને રાત દિવસ જોયા વગર પોતે નિસ્વાર્થ સેવા કરે છે તેવા અશ્વિનભાઈ ચાવડા ને લોક કલ્યાણ યુવા સંગઠન ભારત દ્વારા ગુજરાત રાજ્ય પ્રમુખ નિમણુક કરવામાં આવી




કોરજા અલ્તાફ ભાઈ છેલ્લા ઘણા સમય થી સંપર્ક માં ના હોવાથી તેમની નિમણુંક રદ કરવામાં આવી છે




સ્નેહા ગોસ્વામી ની પત્રકાર તરીકે ની નિમણુંક રદ બાતલ કરવામાં આવે છે. જેવો નો સંપર્ક થઈ શકતો નથી

## ખાસ નોંધ




કર્ણાવતી વર્તમાન સાપ્તાહિક ન્યુઝ પેપરમાંથી ઉપરોકત ઉમેશભાઈ શર્માનું કાર્ડ રદ બાતલ કરેલ છે. કોઇ એ વ્યક્તિ જોડે કર્ણાવતી સાપ્તાહિકના નામે કોઇ પણ જાતનો વહેવાર કરવો નહીં. તંત્રી

## તંત્રીની કલમેથી...

### ચીનની પોલ ખૂલી

ભારત સાથે સૈન્ય ટકરાવમાં પોતાના જૂના મિત્ર પાકિસ્તાન ધોબીપછાડ ખાવાથી ચીન કેટલી હદે ગિન્નાયું છે, તેની ખબર એનાથી પડે છે કે તેણે અરુણાચલના ૨૭ સ્થળોને ચીની નામ આપી દીધાં. તેમાં આવાસીય ક્ષેત્રોની સાથે પહાડ અને નદીઓ પણ છે. એ ધ્યાન રહે કે અરુણાચલને તે પહેલાં જ ચીની નામ આપી ચૂક્યું છે. શું એ હાસ્યાસ્પદ નથી કે પહેલાં તો તેણે અરુણાચલને ચીની નામ આપ્યું અને પછી તેના અલગ-અલગ ક્ષેત્રોનું નવું નામકરણ કરી રહ્યું છે? સ્પષ્ટ છેકે તે ખીજ મિટાવવા માટે પોતાની બાલિશ હરકતોથી ભારતને ઉશ્કેરવા માગે છે. તે એવી હરકતો પહેલાં પણ કરતું રહ્યું છે. કદાચ તેને એવો ભ્રમ થઈ ગયો છે કે અરુણાચલના એક સાથે ૨૭ સ્થળોને ચીની નામ આપવાથી ભારત દબાણમાં આવી જશે. એવું તો બિલકુલ નથી થવાનું અને ઉપરથી ભારતે એ નિષ્કર્ષ પર પહોંચવામાં આસાની રહેશે કે તે એટલું જ દગાબાજ છે જેટલું પાકિસ્તાન. ચીને પાકિસ્તાનને ઓપરેશન સિંદૂરના તાપથી બચાવવા માટે હરસંભવ કોશિશ કરી, પરંતુ તે નિષ્ફળ રહ્યું. બીજા દરજ્જાના ચીની હથિયારો પાકિસ્તાન માટે મુસીબત બની ગયાં અને તે એટલું અસહાય થઈ ગયું કે તેણે અમેરિકાને અરજ કરવી પડી.

ચીન એટલા માટે વધારે ગિન્નાયું છે, કારણ કે ભારતે તેની એર ડિફેન્સ સિસ્ટમ, ડ્રોન, મિસાઈલ વગેરેની એટલી હદે પોલ ખોલી નાખી કે હવે તેના માટે દુનિયાના ગરીબ દેશોને પોતાનાં હથિયાર વેચવાં મુશ્કેલ થશે. પાકિસ્તાને જે ચીની મિસાઈલનો ઉપયોગ કર્યો હતો, તેને ભારતે નિષ્ફળ બનાવી દીધી. તેના પરિણામે આ મિસાઈલનું નિર્માણ કરનારી ચીની કંપનીના શેર ગગડી ગયા. ભારતીય સેનાએ પાકિસ્તાનની સાથે જ ચીન પર પણ ભારે આઘાત કર્યો છે, તેથી તેને સૂઝી નથી રહ્યું કે તે પોતાની ખીજ કેવી રીતે દૂર કરે. એ ઠીક છે કે ભારતે ચીનની હરકત પર એવો જવાબ આપ્યો કે તેનાથી સચ્ચાઈ બદલાવાની નથી, પરંતુ તેના વિરુદ્ધ બીજું કશું પણ કરવું પડશે. દાખલા તરીકે દક્ષિણ ચીન સાગરને દક્ષિણ પૂર્વ એશિયા સાગર કહેવો પડશે. ભારતે વન ચાઈના સાથે પોતાની તિબેટ નીતિ પર પણ નવેસરથી વિચાર કરવો પડશે. તેનાથી પણ જરૂરી વાત એ છે કે ચીની વસ્તુઓ પર નિર્ભરતા ઘટાડવી પડશે. એ અફસોસની વાત છે કે મેક ઈન ઈન્ડિયા અભિયાન અને ભારતને આત્મનિર્ભર બનાવવાની પહેલ બાદ પણ ચીની આયાતમાં ઘટાડો કેમ નથી કરી શકાતો? એવું કેમ નથી થઈ રહયું, એના પર સરકારની સાથે આપણા ઉદ્યોગ જગતે પણ ગંભીરતાથી વિચારવું પડશે. કારણ કે વિશ્વના અનેક દેશો કોવિડ મહામારી બાદથી જ ચીન પ્લસ વન નીતિને ઉત્તેજન આપી રહ્યા છે. તે અંતર્ગત તેઓ ચીન પર પોતાની નિર્ભરતા ઓછી કરવા માગે છે.

## સમગ્ર દેશ, દેશની સેના અને સૈનિકો વડા પ્રધાન મોદીના ચરણોમાં નમન કરે છે,મધ્યપ્રદેશના ડેપ્યુટી સીએમ

જબલપુર,

મધ્યપ્રદેશના મંત્રી વિજય શાહ બાદ હવે રાજ્ય સરકારના નાયબ મુખ્યમંત્રી જગદીશ દેવડાએ ભારતીય સેના પર વાંધાજનક ટિપ્પણી કરી છે. જબલપુરમાં સિવિલ ડિફેન્સ વોલેન્ટિયર્સના તાલીમ કાર્યક્રમમાં ડેપ્યુટી સીએમ દેવડાએ કહ્યું કે આખો દેશ, દેશની સેના અને સૈનિકો પીએમ મોદીના ચરણોમાં નમન કરે છે. ડેપ્યુટીના આ નિવેદન પર રાજકીય હોબાળો મચી ગયો છે. વિપક્ષે દેવડા પર સેનાનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો છે.

હકીકતમાં, કાર્યક્રમને સંબોધિત કરતી વખતે, નાયબ મુખ્યમંત્રી પહેલગામ આતંકવાદી હુમલાનો બદલો લેવા બદલ વડા પ્રધાન મોદીની પ્રશંસા કરી રહ્યા હતા. આ દરમિયાન તેમણે કહ્યું કે પાકિસ્તાનમાં આતંકવાદીઓનો નાશ કરવા બદલ સમગ્ર દેશ જ નહીં પરંતુ દેશની સમગ્ર સેના પણ વડાપ્રધાન મોદીના ચરણોમાં નમન કરી રહી છે. દેવડાએ કહ્યું કે આ માટે વડા પ્રધાનની ગમે તેટલી પ્રશંસા પૂરતી નહીં હોય. આ દરમિયાન, તેમણે આતંકવાદીઓના ઠેકાણાઓનો નાશ કરવા બદલ હાજર લોકોને તાળીઓ પાડવા માટે પણ મજબૂર કર્યા.

કાર્યક્રમને સંબોધતા દેવડાએ કહ્યું કે આતંકવાદીઓએ પહેલગામમાં પ્રવાસીઓને નિશાન બનાવ્યા હતા. પ્રવાસીઓને તેમના ધર્મ વિશે પૂછ્યા બાદ તેમના પરિવારોની સામે ગોળી મારી દેવામાં આવી હતી. સ્ત્રીઓને એક બાજુ લઈ જવામાં આવી અને પુરુષોને તેમના પરિવારના સભ્યો, તેમના બાળકોની સામે ગોળી મારી દેવામાં આવી. ત્યારે જ અમે નક્કી કર્યું કે આ દેશના લોકો આતંકવાદીઓ અને તેમને ટેકો આપનારાઓ પાસેથી બદલો ન લે ત્યાં સુધી શાંતિથી બેસશે નહીં.

## પાકિસ્તાનના કેટલાક નેતાઓને ડર છે કે યુદ્ધવિરામનો ભંગ થઈ શકે છે

ઈસ્લામાબાદ,૯

ઓપરેશન સિંદૂરની સમગ્ર વિશ્વમાં પ્રશંસા થઈ રહી છે. આ કાર્યવાહી દરમિયાન ભારતે પાકિસ્તાનના ઘણા એરબેઝ અને રડાર સિસ્ટમનો નાશ કર્યો. આ પછી, ઘૂંટણિયે પડી ગયેલા પાકિસ્તાને ભારત સમક્ષ યુદ્ધવિરામનો પ્રસ્તાવ મૂક્યો. દરમિયાન, કેટલાક પાકિસ્તાની નેતાઓ ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધવિરામના ભંગાણ અંગે ચિંતિત છે. ખરેખર, પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના વડા બિલાવલ ભુટ્ટોએ પાકિસ્તાની મીડિયાને એક ઈન્ટરવ્યુ આપ્યો હતો. આ મુલાકાતમાં તેમણે ચિંતા વ્યક્ત કરી છે કે જો યુદ્ધવિરામ ભંગ થશે તો શું થશે. બિલાવલ ભુટ્ટોએ યુદ્ધવિરામ જાળવવાના સંદર્ભમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, પીએમ નરેન્દ્ર મોદી અને પાકિસ્તાનના પીએમ શાહબાઝ શરીફ માટે આ એક કસોટીનો સમય પણ ગણાવ્યો છે.

બિલાવલ ભુટ્ટોએ કહ્યું, 'વાસ્તવિકતા એ છે કે અમે યુદ્ધવિરામ જાળવી રાખ્યો છે. હાલમાં યુદ્ધવિરામ લાગુ છે અને તે એક મોટી સફળતા છે. પાકિસ્તાન શાંતિ અને સુલેહ-શાંતિ ઈચ્છે છે. પરંતુ ભારતના આંતરિક રાજકારણને કારણે, ભારત તરફથી આવી રહેલા નિવેદનોથી આપણને ભય લાગી રહ્યો છે કે આ યુદ્ધવિરામ ચાલુ રહેશે નહીં. તે તૂટી જશે. તે ખૂબ જ ખતરનાક હશે. ફક્ત આપણા બે દેશો માટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે. આ સમયે આ એક મોટી કસોટી છે. અમે રાષ્ટ્રપતિ ટ્રમ્પ, પીએમ શાહબાઝ શરીફ અને પીએમ નરેન્દ્ર મોદી માટે પ્રાર્થના કરીએ છીએ કે આ બધી કસોટીઓ પાસ થાય.

પાકિસ્તાનના પીએમ શાહબાઝ શરીફે દેશના પંજાબ પ્રાંતની મુલાકાત લીધી હતી.

## જાતીય સતામણી કેસમાં વિજય રાજને મોટી રાહત, પુરાવાના અભાવે કોર્ટે નિર્દોષ જાહેર કર્યો

,મુંબઈ,

મહારાષ્ટ્રની એક કોર્ટે અભિનેતા વિજય રાઝને ૨૦૨૦માં તેના સાથીદાર દ્વારા દાખલ કરાયેલા જાતીય સતામણીના કેસમાં નિર્દોષ જાહેર કર્યા હતા. ફરિયાદ પક્ષ તેમની વિરુદ્ધ પૂરતા પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ ગયો હતો. ક્રૂ મેમ્બરે આરોપ લગાવ્યો હતો કે અભિનેતાએ લગભગ પાંચ વર્ષ પહેલાં ફિલ્મ 'શેરની'ના શૂટિંગ દરમિયાન તેનું જાતીય શોષણ કર્યું હતું.

એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (ગોંડિયા) મહેન્દ્ર સોરાટેએ અભિનેતા સામે જાતીય સતામણી અને પીછો કરવાના આરોપોને રદ કર્યા.



ક્રૂ મેમ્બરે આરોપ લગાવ્યો હતો કે અભિનેતાએ લગભગ પાંચ વર્ષ પહેલાં ફિલ્મ 'શેરની'ના શૂટિંગ દરમિયાન તેનું જાતીય શોષણ કર્યું હતું. ગોંદિયાના રામનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, કથિત ગુનો ૨૫ ઓક્ટોબર, ૨૦૨૦ ની રાત્રિથી ૨૯ ઓક્ટોબર, ૨૦૨૦ ની સવારની વચ્ચે આચરવામાં આવ્યો હતો.

અભિનેતા વિજય રાજની ૪ નવેમ્બર, ૨૦૨૦ ના રોજ મધ્યપ્રદેશના બાલાઘાટમાં ધરપકડ કરવામાં આવી હતી. આ તે જગ્યા છે જ્યાં ફિલ્મ ક્રૂ રોકાઈ રહી હતી. જોકે, તે જ દિવસે તેમને જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા. ત્યારથી આ કેસ કોર્ટમાં ચાલી રહ્યો હતો.

કોર્ટના આદેશમાં કહેવામાં આવ્યું છે કે ફરિયાદીએ કહ્યું હતું કે આ ઘટના એક હોટલમાં બની હતી, પરંતુ તપાસ અધિકારીએ સ્થળની મુલાકાત લીધી ન હતી. ન્યાયાધીશે કહ્યું કે ફરિયાદીએ હોટલમાં કામ કરતા બે-ત્રણ લોકોના નામનો ઉલ્લેખ કર્યો હતો, પરંતુ તેમના નિવેદનો પણ નોંધવામાં આવ્યા ન હતા. કોર્ટે કહ્યું, 'તપાસ અધિકારીએ આગળ કોઈ તપાસ કરી નથી.' તેથી, ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરાયેલા પુરાવા નબળા અને અપૂરતા જણાય છે. સીસીટીવી ફૂટેજમાં પણ આરોપી કથિત કૃત્ય કરતો સ્પષ્ટ દેખાતો નથી.

કોર્ટે કહ્યું કે ફરિયાદ પક્ષ આરોપીના ગુનાને નિર્ણાયક રીતે સાબિત કરવામાં નિષ્ફળ ગયો છે, તેથી શંકાનો લાભ આરોપીને જાય છે. કોર્ટે કહ્યું કે ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરાયેલા મૌખિક પુરાવા આરોપીને દોષિત ઠેરવવા માટે પૂરતા નથી. તેથી, તેને નિર્દોષ જાહેર કરવામાં આવે છે.

## અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સે પણ તુર્કીને ઝટકો આપ્યો, તુર્કીની કંપની સેલેબી સાથે ભાગીદારીનો અંત લાવ્યો

વોશિંગ્ટન,

ભારત વિરુદ્ધ પાકિસ્તાનને તુર્કીના સમર્થનના વિરોધમાં ભારતીયો, ભારતીય ઉદ્યોગપતિઓ અને ભારતીય કંપનીઓ દ્વારા તુર્કીનો બહિષ્કાર સતત વધી રહ્યો છે. હવે નવા એપિસોડમાં, ભારતીય કંપની અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ પણ આ બહિષ્કારમાં જોડાઈ છે. સુત્રોના જણાવ્યા અનુસાર, કંપનીએ મુંબઈ અને અમદાવાદ એરપોર્ટ માટે તુર્કીની કંપની સેલેબી સાથેનો ગ્રાઉન્ડ હેન્ડલિંગ કન્સેશન કરાર રદ કર્યો છે. ભારતીય કંપનીએ એમ પણ કહ્યું કે સેલેબીને અવિરત કામગીરી સુનિશ્ચિત કરવા માટે તમામ ગ્રાઉન્ડ હેન્ડલિંગ સુવિધાઓ તાત્કાલિક કંપનીને સોંપવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. અહેવાલો અનુસાર, કેન્દ્ર સરકારે તુર્કી એરલાઈન કંપનીની સુરક્ષા મંજૂરી રદ કર્યા પછી આ કન્સેશન કરારો સમાપ્ત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ મુંબઈ અને અમદાવાદ એરપોર્ટ તેમજ મેંગલોર, ગુવાહાટી, જયપુર, લખનૌ અને તિરુવનંતપુરમ એરપોર્ટની માલિકી અને સંચાલન કરે છે.

"સેલેબીની સુરક્ષા મંજૂરી રદ કરવાના ભારત સરકારના નિર્ણય બાદ, અમે છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાનમથક, મુંબઈ અને સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાનમથક, અમદાવાદ પર સેલેબી સાથેના ગ્રાઉન્ડ હેન્ડલિંગ કન્સેશન કરારો રદ કર્યા છે," અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું.

અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સના પ્રવક્તાએ જણાવ્યું હતું કે કંપનીએ કહ્યું છે કે તે તેના દ્વારા પસંદ કરાયેલી નવી ગ્રાઉન્ડ હેન્ડલિંગ એજન્સીઓ દ્વારા કોઈપણ વિક્ષેપ વિના તમામ એરલાઈન્સને સીમલેસ સેવા પૂરી પાડવાનું ચાલુ રાખશે. કંપનીએ જણાવ્યું હતું કે છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાનમથક અને સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર સેલેબીના તમામ હાલના કર્મચારીઓને તેમની હાલની રોજગાર શરતો અને નિયમો પર નવી ગ્રાઉન્ડ હેન્ડલિંગ એજન્સીઓમાં ખસેડવામાં આવશે. આપણા એરપોર્ટ પર ગ્રાઉન્ડ હેન્ડલિંગ કામગીરી પર કોઈ અસર પડશે નહીં. અમે સેવા અને રાષ્ટ્રીય હિતના ઉચ્ચતમ ધોરણો જાળવવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છીએ.

## ક્રિકેટ પ્રીમિયર લીગ ૨૦૨૫ આ વર્ષે ફરી આવી ગઈ છે, ૩૧ મે-૧૫ જૂન દરમિયાન તૈયાર થઈ જાઓ રોમાંચના રોલરકોસ્ટર માટે

અમદાવાદ,

જેની ખૂબ જ આતુરતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ક્રિકેટ પ્રીમિયર લીગ (સીપીએલ)ની બીજી આવૃત્તિ આ વર્ષે ફરી પાછી આવી ગઈ છે, જે અમદાવાદમાં આવેલા એસજીવીપી ગ્રાઉન્ડ્સ ખાતે ૩૧ મે-૧૫ જૂન, ૨૦૨૫ દરમિયાન યોજાશે. ચિરિપાલ ફાઉન્ડેશનના નેતૃત્ત્વ હેઠળ લૉન્ચ થયેલી સીપીએલનો ઉદ્દેશ્ય રણજી ટ્રોફીના ઉત્કૃષ્ટ ખેલાડીઓ અને ઉભરી રહેલી સ્થાનિક પ્રતિભાઓ પોતાનું કૌવત દેખાડી શકે તે માટે તેમને એક સંરચિત, પ્રોફેશનલ પ્લેટફૉર્મ પૂરું પાડી ગુજરાતના ઘરેલું ક્રિકેટના લેન્ડસ્કેપને નવા સ્તરે લઈ જવાનો છે. અમદાવાદમાં આવેલી ડબલટ્રી બાય હિલ્ટન ખાતે ખેલાડીઓની હરાજીની પ્રક્રિયા પૂરી થવાની સાથે જ આ સીઝનની તૈયારીઓ શનિવાર - ૧૭ મે, ૨૦૨૫ના રોજ શરૂ થઈ હતી. શનિવારના રોજ યોજાયેલા લાઈવ ઈવેન્ટ દરમિયાન તમામ ૬ ફ્રેન્ચાઈઝીઓએ તેમની ટીમોને એકઠી કરી હતી.



આ પહેલ અંગે વધુ વિગતો પૂરી પાડતા ગુજરાત ક્રિકેટ એસોસિયેશનના ભૂતપૂર્વ અધ્યક્ષ અને સાંસદ શ્રી નરહરી અમીનએ જણાવ્યું હતું કે, 'હું રોનક, વંશ અને ગૌરવ જેવા જુસ્સેદાર ઉદ્યોગસાહસિકોને સમર્થન પૂરું પાડીને ખૂબ જ ખુશ છું, જેઓ આ પ્રકારનું પ્લેટફૉર્મ બનાવીને ઉભરી રહેલા યુવાન ક્રિકેટરોને સપોર્ટ કરવા માગે છે. . આઈપીએલની જેમ, હું ઈચ્છું છું કે આ ટુર્નામેન્ટ આગળ વધે અને આવનારા વર્ષોમાં ભારતની શ્રેષ્ઠ લીગમાંની એક બને. આ ટુર્નામેન્ટને ટેકો આપવા બદલ હું જીસીએનો આભારી છું, અને બીજી આવૃત્તિ વધુ મોટી, વધુ સારી અને વધુ મનોરંજક હશે. તમામ ફ્રેન્ચાઈઝીના માલિકોને મારી શુભેચ્છાઓ છે અને મને વિશ્વાસ છે કે તમામ ખેલાડીઓ આ ટુર્નામેન્ટમાં ખેલદિલીની સાચી ભાવના રજૂ કરશે.'

ચિરિપાલ ગ્રૂપના પ્રમોટર અને સીપીએલના સહ-સ્થાપક શ્રી રોનક ચિરિપાલએ જણાવ્યું હતું કે, 'સીપીએલ ૨૦૨૫ એ જયાં ગુજરાતની ક્રિકેટ રમવાની ભાવના ખીલી શકે અને સાચી પ્રતિભાઓને એક મંચ પ્રાપ્ત થઈ શકે તેવા એક પ્રમુખ પ્લેટફૉર્મની રચના કરવાના સપનાને સાકાર કરવાની દિશામાં લેવામાં બીજું મક્કમ પગલું છે. તેની પ્રથમ સીઝનને પ્રાપ્ત થયેલી અપાર સફળતાએ એ સાબિત કરી આપ્યું છે કે, ગુજરાતમાં આ રમતને સાર્થક કરવાની તીવ્ર મહત્વકાંક્ષા, ઝુનૂન અને પ્રતિભા એમ ત્રણેય ગુણો છે. હવે તેની આ બીજી આવૃત્તિમાં આપણાં રાજયમાં તૈયાર થયેલા તારલાઓને રાષ્ટ્રીય સ્તરે લઈ જવા માટે લીગ વધુ મક્કમતા, વધુ જુસ્સા અને દ્રઢ નિશ્ચયની સાથે ફરી આવી ગઈ છે. ચિરિપાલ ફાઉન્ડેશનમાં અમે આ ચળવળને વધુ પ્રોત્સાહન આપવા માટે ખૂબ જ સમર્પિત છીએ, જેની દરેક મેચમાં ખેલાડીઓના જુસ્સા, ગૌરવ અને ક્ષમતાને બિરદાવવામાં આવે છે.'

આશુતોષ ગ્રૂપના પ્રમોટર અને સીપીએલના સહ-સ્થાપક શ્રી ગૌરવ જૈનએ જણાવ્યું હતું કે, 'આ લીગના સહ-સ્થાપક તરીકે આ પ્રકારના પ્રતિષ્ઠિત ઈવેન્ટને આપણા રાજ્ય ગુજરાતમાં લાવીને હું અનહદ આનંદ અનુભવી રહ્યો છું. આ લીગ અત્યંત રોમાંચક મેચો અને જબરદસ્ત સ્પર્ધાની ખાતરી આપે જ છે પરંતુ તેની સાથે-સાથે તે આપણાં ખેલાડીઓને પ્રોત્સાહન અને માન્યતા આપવાની દિશામાં લેવામાં આવેલું નોંધપાત્ર પગલું પણ છે. અમે ખેલાડીઓ અને ક્રિકેટના ચાહકો બંનેને વિશ્વ-સ્તરીય અનુભવ પૂરો પાડવા માટે સમર્પિત છીએ, જે તેની દરેક મેચને એક યાદગાર પ્રસંગ બનાવી દેશે. ક્રિકેટની ભાવના અને આપણાં રણજી ટ્રોફીના ખેલાડીઓની ઉત્કૃષ્ટ પ્રતિભાને બિરદાવવામાં અમારી સાથે જોડાઓ.'

ગુજરાત ક્રિકેટ એસોસિયેશનના સેક્રેટરી શ્રી અનિલ પટેલ અને ગુજરાત ક્રિકેટ એસોસિયેશનના ભૂતપૂર્વ જોઈન્ટ સેક્રેટરી શ્રી હિતેશ પટેલ (પોચી) આ મહત્ત્વકાંક્ષી લીગના વિઝન અને વિકાસને આગળ વધારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવતા રહેશે.

## ગુજરાત સ્ટેટ અન્ડર-૯ (ઓપન અને ગર્લ્સ) સિલેક્શન ફોર નેશનલ ચેસ ચેમ્પીયનશીપ-૨૦૨૫ સ્થળ : ઓરીએન્ટ કલબ, એલીસબ્રીજ, અમદાવાદ તારીખ : ૧૬.૫.૨૦૨૫ થી ૧૭.૫.૨૦૨૫




ઉપરોક્ત ટુર્નામેન્ટનું આયોજન આનંદ ચેસ એસોસીએશન દ્વારા ચેસ ન્યૂ અમદાવાદ ડિસ્ટ્રિ . એસોસીએશન અને ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશનના નેજા હેઠળ તા.૧૬.૫.૨૦૨૫ અને ૧૭.૫.૨૦૨૫ના રોજ ઓરીએન્ટ કલબ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતુ. આ ટુર્નામેન્ટ પ્રાઈવેટ સ્કૂલ્સ એન્ડ ચિલ્ડ્રન વેલફેર એસોસીએશન દ્વારા પ્રાયોજિત કરવામાં આવેલ. ટુર્નામેન્ટના આખરી પરિણામો નીચે મુજબ રહ્યા.

બોયઝઃ ગર્લ્સઃ

| | |
|---|---|
| ૧) દિવ્યાંશ રાજાણી - ૬.૫ પોઈન્ટ | ૧) પ્રજ્ઞિકા વાકા લક્ષ્મી - ૬.૫ પોઈન્ટ |
| ૨) દેવાંશ પટેલ - ૬.૫ પોઈન્ટ | ૨) મિશીકા અગ્રવાલ - ૬.૫ પોઈન્ટ |
| ૩) રિવાન સિંઘ - ૬ પોઈન્ટ | ૩) રેયના પટેલ - ૬ પોઈન્ટ |
| ૪) ધ્વીત મહેતા - ૬ પોઈન્ટ | ૪) રિશા પટેલ - ૫ પોઈન્ટ |
| ૫) રેયાંશ પેરીવાલ - ૬ પોઈન્ટ | ૫) આયાંશી ભેંગડે - ૫ પોઈન્ટ |

વિજેતા પ્રથમ દસ વિજેતા ખેલાડીઓ (બન્ને કેટેગરીમાં)ને ટ્રોફીઓ દ્વારા તેમજ દરેક ભાગ લેનાર ખેલાડીઓને મેડલથી શ્રી ભાવેશ પટેલ (ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન) અને શ્રી મયૂર પટેલ દ્વારા નવાજવામાં આવ્યા હતા. પ્રથમ બે શ્રેષ્ઠ ખેલાડીઓ (બન્ને કેટેગરીમાંથી) હરિયાણા ખાતે રમાનાર નેશનલ ટુર્નામેન્ટમાં ગુજરાત રાજયનું પ્રતિનિધિત્વ કરશે.

## એસબીએમ બેંક ઈન્ડિયા અને આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ લાઈફ ઈન્શ્યોરન્સે બેંકાસ્યોરન્સ જોડાણ માટે વ્યૂહાત્મક ભાગીદારી કરી

અમદાવાદ :

પોતાના રિટેલ વ્યવસાયને મજબૂત બનાવવા અને ગ્રાહકોને ઉત્પાદનો અને સેવાઓનોવિસ્તૃત સમૂહ પ્રદાન કરવા માટે,એસબીએમબેંક ઈન્ડિયાએ આઈસીઆઈસી આઈપ્રુડેન્શિયલ લાઈફ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ સાથે ભાગીદારી કરી છે. આ વ્યૂહાત્મક બેંકાસ્યોરન્સ એલાયન્સ બેંકના ગ્રાહકોને તેમના નાણાકીય લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે સુવ્યવસ્થિત નાણાકીય યોજનાઓ વિકસાવવા સક્ષમ બનાવશે.




એસબીએમબેંક ઈન્ડિયા તેના ગ્રાહકો માટે એક વ્યાપક નાણાકીય હબ બનવાનું લક્ષ્ય રાખે છે, બચત અને ચાલુ ખાતા, મુદત થાપણો, ફોરેક્સ, રેમિટન્સ સોલ્યુશન્સ, વીમો, રોકાણો, કાર્ડ્સ, ધિરાણ અને અન્યનાણાકીય ઉત્પાદનો સહિત વિવિધ પ્રકારની રિટેલ બેંકિંગ સેવાઓ પ્રદાન કરે છે.

આ ઓફરો ,એસબીએમપ્રાઈવેટ, વેલ્થ, ડિજિટલ અને એસેટ-કેન્દ્રિત ગ્રાહકો સહિત ગ્રાહકોની વિશાળ શ્રેણીને પૂરી પાડે છે. બેંક બે-પાંખી વ્યૂહરચનાનું પાલન કરે છે - તેના બ્રિક અને મોર્ટાર શાખા નેટવર્કનું વિસ્તરણ, જ્યારે બજારમાં તેની હાજરીને મજબૂત કરવા માટે ડિજિટલ બેંકિંગ ચેનલોનો ઉપયોગ કરી રહ્યા છીએ.

આ જોડાણ બેંકને તેના ગ્રાહકોને ટર્મ ઈન્શ્યોરન્સ, લાંબા ગાળાની બચત અને સંપત્તિ નિર્માણ ઉત્પાદનોથી લઈને નિવૃત્તિ સમયે આવકનું અસરકારક આયોજન કરવા સુધીના વિવિધ ઉકેલો પૂરા પાડવા સક્ષમ બનાવશે.

આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ લાઈફ ઈન્શ્યોરન્સના ચીફ પ્રોડક્ટ અને ડિસ્ટ્રિબ્યુશન ઓફિસર શ્રી અમિત પલટાએ આ સહયોગનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે, "અમે ,એસબીએમબેંક ઈન્ડિયા સાથે ભાગીદારી કરીને ખુશ છીએ અને માનીએ છીએ કે આ ગ્રાહકો માટે જીવન વીમા સોલ્યુશન્સ સરળતાથી સુલભ બનાવવાના અમારા ધ્યેય તરફ એક પગલું છે. ઉપરાંત, તે દેશમાં સૌથી વધુ ગ્રાહક અને વિતરક મૈત્રીપૂર્ણ જીવન વીમા કંપની તરીકે અમારી સ્થિતિને મજબૂત બનાવે છે."

## મંત્રી વિજય શાહનું ભવિષ્ય ૧૯ મેના રોજ સુપ્રીમ કોર્ટમાં નક્કી થશે કે કોની ધરપકડ થશે

ભોપાલ,તા.૧૭

મધ્યપ્રદેશના મંત્રી વિજય શાહની મુશ્કેલીઓ વધતી જતી હોય તેવું લાગી રહ્યું છે. સુપ્રીમ કોર્ટમાં તેમની અરજી પર સુનાવણી ૧૯ મે સુધી મુલતવી રાખવામાં આવી છે. પ્રશ્ન એ છે કે શું પોલીસ દેશની અખંડિતતાને નુકસાન પહોંચાડવાના આરોપમાં તેમની ધરપકડ કરશે? સરકાર અને પક્ષ બંને સુપ્રીમ કોર્ટના વલણની રાહ જોઈ રહ્યા છે. વિજય શાહ પોતાના પદ પરથી રાજીનામું આપવા તૈયાર નથી. તેમના સમર્થકોએ સોશિયલ મીડિયા પર તેમના સમર્થનમાં ઝુંબેશ શરૂ કરી છે. તે જ સમયે, ભાજપ સરકાર સુપ્રીમ કોર્ટના નિર્ણય પછી જ કોઈ નિર્ણય લેશે.

મુખ્યમંત્રી મોહન યાદવે કહ્યું કે આ મામલો કોર્ટમાં છે અને કોર્ટ જે પણ નિર્ણય આપશે તેનું સન્માન કરવામાં આવશે. હવે બધાની નજર સુપ્રીમ કોર્ટના નિર્ણય પર ટકેલી છે. વિજય શાહના સમર્થકો સોશિયલ મીડિયા પર એકઠા થવા લાગ્યા છે. શાહના પુત્ર દિવ્યાદિત્ય મિત્ર મંડળ દ્વારા સોશિયલ મીડિયા પર આવા સંદેશા ફેલાવવામાં આવી રહ્યા છે, જેમાં મંત્રી શાહ સેનાના સૈનિકો સાથે ઉભા છે. શાહ વિરુદ્ધ જે વાતાવરણ બની રહ્યું છે તેની વચ્ચે, સોશિયલ મીડિયા પર તેમના સમર્થનમાં આવી સેંકડો પોસ્ટ્સ પોસ્ટ કરવામાં આવી રહી છે.

જોકે, મંત્રી વિજય શાહે આ બાબતે મૌન ધારણ કર્યું છે. તેમણે મીડિયાથી પોતાને દૂર રાખ્યા છે. પાર્ટી સંગઠને તેમને આ મામલે કંઈ પણ ન કહેવાની સૂચના આપી છે. ત્યારથી, શાહ ભોપાલથી દૂર ગયા છે અને કોઈ મીડિયા સાથે વાત કરી રહ્યા નથી. તે ન તો ભોપાલના બંગલામાં છે કે ન તો ખંડવામાં.

શાહનો પુત્ર દિવ્યાદિત્ય તેના પિતાના સમર્થનમાં ફેસબુક પર તસવીરો પોસ્ટ કરી રહ્યો છે. આ તસવીરોમાં મુખ્યમંત્રી મોહન યાદવને પણ ટેગ કરવામાં આવી રહ્યા છે. ભાજપ હાલમાં 'રાહ જુઓ અને રાહ જુઓ' ની સ્થિતિમાં છે. સરકાર સુપ્રીમ કોર્ટના આદેશની રાહ જોઈ રહી છે. જો ૧૯ મેના રોજ યોજાનારી સુનાવણીમાં, સુપ્રીમ કોર્ટ હાઈકોર્ટના આદેશ પર નોંધાયેલી ફ્રૈંઈ ને યોગ્ય ઠેરવે છે, તો સરકાર નિર્ણય લઈ શકે છે.

વરિષ્ઠ પત્રકાર રાશિદ કિદવાઈ કહે છે કે ભાજપ કોઈ પણ દબાણમાં કોઈ નિર્ણય લેતો નથી. આ મુદ્દા પર લોકોનો શું અભિપ્રાય છે તે જાણવા માટે ભાજપ આગામી બે દિવસમાં નજીકથી નજર રાખશે.

પૂર્વ સાંસદ પ્રજ્ઞા ઠાકુરનું ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે પ્રજ્ઞાએ મહાત્મા ગાંધી વિશે વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, 'હું તેમને માફ કરી શકતો નથી.' પરંતુ પાર્ટીએ પ્રજ્ઞા સામે તાત્કાલિક કોઈ કાર્યવાહી કરી નહીં. જોકે, આગામી ચૂંટણીમાં તેમની ટિકિટ રદ કરીને પાર્ટીએ પોતાનું વલણ સ્પષ્ટ કર્યું. કેટલાક લોકો માને છે કે સરકાર આદિવાસી વોટ બેંકના દબાણ હેઠળ છે. નિષ્ણાતો કહે છે કે વિજય શાહના નિવેદન પર પાર્ટી અને જનતામાં ગુસ્સો છે. પક્ષ અને સરકાર બંને આ વાત સમજે છે, પરંતુ શાહ આદિવાસી હોવાથી તાત્કાલિક પગલાં લેવામાં અવરોધ બની રહ્યા છે.

બીજી તરફ, શાહના સમર્થનમાં રેલી કાઢી રહેલા લોકો દલીલ કરે છે કે ભીખ માંગવા અંગેના તેમના તાજેતરના નિવેદન બદલ પ્રહલાદ પટેલ સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. અન્ય મંત્રીઓ પર પણ ગંભીર આરોપો લગાવવામાં આવ્યા હતા, પરંતુ પાર્ટીએ તેમની સામે પણ કોઈ કાર્યવાહી કરી ન હતી. આવી સ્થિતિમાં, ફક્ત શાહ સામે કાર્યવાહીની વાત શા માટે? શાહે પોતાના નિવેદન બદલ માફી પણ માંગી લીધી છે.

# રિજિયોનલ ડાયરેક્ટર ડૉ. અમોલ પાટીલ પર માનસિક ત્રાસ આપવાનો આરોપ લગાવ્યો છે.

## નવરંગપુરા સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયની ઓફિસમાં પટાવાળાના આપઘાત કેસમાં નવો ઘટસ્ફોટ

અમદાવાદ,

નવરંગપુરા વિસ્તારમાં આવેલી સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયની રિજિયોનલ ઓફિસમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ઓફિસમાં કોન્ટ્રાક્ટ પર પટાવાળા તરીકે કામ કરતા રોહિત ભાદરકા ઉર્ફે ગગોએ ગુરુવારે સવારે ઓફિસમાં આવી એક વીડિયો બનાવીને ગળાફાંસો ખાઈને આપઘાત કર્યો હતો. જેમાં તેણે રિજિયોનલ ડાયરેક્ટર ડૉ. અમોલ પાટીલ પર માનસિક ત્રાસ આપવાનો આરોપ લગાવ્યો છે. આ પગલું ભરતા પહેલા તેણે આ વીડિયોને ઓફિસના અન્ય કર્મીને ઉરર્ટ્ટજર્ઇ પર મોકલ્યો હતો, સાથે જ પોતાના મોબાઈલનો પાસવર્ડ પણ મોકલ્યો હતો.

ઘટના બાદ નવરંગપુરા પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને રોહિતના મૃતદેહને પેનલ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. તપાસમાં જાણવા મળ્યું કે, આપઘાત કરનાર રોહિત ગીતામંદિર વિસ્તારની પઠાણની ચાલીમાં તેના પિતરાઈ ભાઈ સાથે છેલ્લા ૯ વર્ષથી રહેતો હતો અને નવરંગપુરાના નેચર વ્યુ બિલ્ડિંગમાં આવેલી સ્વાસ્થ્ય, પરિવાર કલ્યાણ મંત્રાલયની ઓફિસમાં ૭ વર્ષથી કોન્ટ્રાક્ટ પર પટાવાળા તરીકે કામ કરતો હતો. જોકે ગતરોજ(ગુરુવારે) એક વીડિયો બનાવી તેણે જીવન ટૂંકાવ્યું છે.

વીડિયોમાં તેણે ડૉ. અમોલ પાટીલ પર માનસિક ત્રાસ આપવાનો આરોપ લગાવ્યો છે. તેણે જણાવ્યું હતું કે, બે વર્ષ પહેલાં તેણે ડૉ. અમોલ પાટીલ અને ઓફિસની એક મહિલા કર્મચારી જીગીશાને કેફેમાં સાથે ચા પીતાં અને વાતચીત કરતાં જોયા હતા. એ ડૉ. અમોલ પાટીલે થોડા મહિના પહેલાં ડાયરેક્ટરનો ચાર્જ મળ્યો હતો, ત્યારથી તેમણે રોહિતને માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું.

રોહિતે વીડિયોમાં આક્ષેપ કર્યો કે, ડૉ. અમોલ પાટીલ રોજ તેને ધમકાવતા હતા અને કહેતા કે, "તું અહીં કામ કરવા આવે છે કે બેસવા? નહીં તો કાલથી કામ પર ન આવતો." આ ઉપરાંત, તેમણે રોહિતને સ્ટાફ સામે ખખડાવવા ઉપરાંત, ૮ કલાકની નોકરીને બદલે ૧૦-૧૧ કલાક કામ કરાવ્યું, ઘરે બોલાવીને કામ કરાવ્યું અને ગાડીની સફાઈ પણ કરાવી હોવાના આક્ષેપ પણ રોહિતે વીડિયોમાં કર્યા હતા. વધુમાં તેણે જણાવ્યું કે, કોરોના સમયે ઓફિસનું બજેટ ન હોવા છતાં તેણે ૮-૯ મહિના વગર પગારે કામ કર્યું હતું. તેમણે ઉમેર્યું કે, ડૉ. અમોલ પાટીલ અને મહિલા કર્મચારીએ સાથે મળીને તેને હેરાન કર્યો, જેના કારણે તે આ પગલું ભરવા મજબૂર થયો હતો.

ઘટના બાદ રોહિતના પિતરાઈ ભાઈ સંજય ભાદરકાએ ડૉ. અમોલ પાટીલ વિરુદ્ધ દુષ્પ્રેરણા અને એટ્રોસિટીની ફરિયાદ નોંધાવી છે. પોલીસે રોહિતનો મોબાઈલ કબજે કરીને એફએસએલમાં તપાસ માટે મોકલ્યો છે, જેમાં ડૉ. અમોલ પાટીલ વિરુદ્ધના પુરાવા હોવાનો રોહિતે વીડિયોમાં ઉલ્લેખ કર્યો હતો. એસીપી એચ. એમ. કણસાગરાએ જણાવ્યું કે, "આ મામલે ડૉ. અમોલ પાટીલ વિરુદ્ધ દુષ્પ્રેરણા અને એટ્રોસિટીનો ગુનો નોંધવામાં આવ્યો છે. સ્ટાફના નિવેદનો લેવામાં આવશે અને આપઘાત પહેલાંનો વીડિયો પણ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે." પોલીસે આરોપીને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# દક્ષિણ ગુજરાતના સ્વયં સેવકો માટે આમોદ (ભરુચ)માં સંઘ શિક્ષા વર્ગ (સામાન્ય)નું શુભારંભ




રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સંઘ શિક્ષા વર્ગ(સામાન્ય)નો પ્રારંભ ભરુચ જિલ્લાના આમોદમાં શ્રી સ્વામિનારાયણ સ્કૂલ ખાતે ૧૬મે ૨૦૨૫ના રોજ થયો છે. આ ૧૫ દિવસીય વર્ગમાં દક્ષિણ ગુજરાતના દાહોદ થી ડાંગ સુધીના ૧૬ થી ૪૦ વર્ષ સુધી ૧૭૦ સ્વયંસેવકો ભાગ લઈ રહ્યા છે. વર્ગમાં ૨૧ શિક્ષકો દ્વારા પ્રશિક્ષણ આપવામાં અપાશે, જ્યારે ૨૭ જેટલા પ્રબંધકો વ્યવસ્થાપન કામગીરી સંભાળશે.

વર્ગનું શુભારંભ દીપ પ્રાગટ્ય સાથે શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ નહિયેરના પૂજ્ય સંત શ્રી ભક્તિસ્વામીજી તથા પૂજ્યસંતશ્રી કેશવપ્રિય સ્વામીજી દ્વારા કરવામાં આવ્યું.

પૂજ્યસંતશ્રી કેશવપ્રિય સ્વામીજીઆશિર્વચન આપતા કહ્યું કે સંઘના સ્વયંસેવકો ભારતમાતાના સ્વયંસેવક છે અને તેમના સમર્પણના કારણે જ સંઘનું કાર્ય વધી રહ્યું છે.આ અવસરે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ,ગુજરાત પ્રાંત સહ કાર્યવાહ ડૉ. સુનિલભાઈ બોરીસા,સહ પ્રાંત પ્રચારક શ્રી કૃણાલભાઈ રૂપાપરા તેમજ વર્ગના સર્વાધિકારી શ્રી રાજેશભાઈ જોષી ઉપસ્થિત રહ્યા હતા.

આ વર્ગમાં શ્રી રાજેશભાઈ જોષી (સર્વાધિકારી), શ્રી તેજસભાઈ પટેલ(વર્ગ કાર્યવાહ), શ્રી પ્રકાશભાઈ પટેલ(વર્ગના વાલી) તથા શ્રી મનોજભાઈ કલસરિયા (મુખ્ય શિક્ષક) તરીકે પૂર્ણ સમય ઉપસ્થિત રહેવાના છે. વર્ગ દરમિયાન સવારે ૪:૩૦ વાગ્યે જાગરણ થી શરૂ થઈ રાત્રિના ૧૦:૧૫ વાગ્યાં સુધીના સમયમાં સંઘકાર્ય વિસ્તાર અને દઢીકરણ માટે વિવિધ પ્રકારનું શારીરિક અને બૌદ્ધિક પ્રશિક્ષણ આપવામાં આવશે. શિક્ષાર્થીઓ પોતાના દૈનિક જીવનમાં સમયના મહત્તમ અને અસરકારક ઉપયોગ સ્વસ્થ અને સ્વદેશી જીવન પદ્ધતિના પાઠ અંગેનું પણ પ્રશિક્ષણ પણ મેળવશે. તે સિવાય કુટુંબ પ્રબોધન, પર્યાવરણ, ગૌસેવા, સેવા કાર્યો, પ્રચાર અને સંઘસંપર્ક જેવા વિષયો પર પ્રશિક્ષણ આપવામાં આવશે.

વર્ગ દરમિયાન ભોજન માટે આમોદ અને જંબુસર તાલુકાના વિવિધ ગામોમાંથી વર્ગમાં ભોજન માટે રોટલી, ભાખરી અને રોટલાં એકત્ર કરી સામાજિક એકત્વ અને પરિવારભાવનું પ્રકટીકરણ કરવામાં આવનાર છે.મે મહિનામાં દેશભરના અનેક કેન્દ્રો પર આવા વર્ગોનું આયોજન થાય છે જેમાં સ્વયંસેવકો તપસ્વી ભાવથી સંપૂર્ણ સમય આપીને સમાજ માટે તૈયાર થાય છે.

# દાહોદ મનરેગા કૌભાંડમાં મંત્રી બચુ ખાબડના પુત્રની ધરપકડ કરવામાં આવી છે.



દાહોદ,તા.૧૭

દાહોદમાં દેવગઢ બારિયા અને ધાનપુર તાલુકામાં થયેલ મનરેગા યોજનામાં મસમોટા કૌભાંડમાં ૫ કર્મીઓની પણ ધરપકડ થઈ છે, તેમજ રાજ્યનાં મંત્રી બચુ ખાબડના પુત્ર બળવંત ખાબડની ધરપકડ કરાઈ છે, તત્કાલિન ટીડીઓ દર્શન પટેલની પણ ધરપકડ કરવામાં આવી છે. પોલીસ કિરણ પટેલની શોધખોળ કરી રહી છે.ધાનપુર અને દેવગઢ બારીયામાં જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીની કચેરી દ્વારા મનરેગા યોજના અંતર્ગત થયેલી કામગીરીમાં ભ્રષ્ટાચારની ફરિયાદ દાખલ થઈ છે. જવાબદાર એજન્સી અને કર્મચારીઓ વિરૂદ્ધ ૨૦૨૧-૨૪ દરમિયાન થયેલા રૂપિયા ૭૧ કરોડના કામોની તપાસમાં આરોપો મૂકાતા કાયદાકીય કાર્યવાહી કરવાની પણ ફરિયાદ દાખલ થઈ હતી. જેમાં ૨ એકાઉન્ટન્ટ સહિત ૫ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. આ કૌભાંડમાં કિરણ અને બળવંત ખાબડે આગોતરા જામીન અરજી પણ કરી હતી.

દાહોદ જિલ્લામાં નકલી એનએ જમીન કૌભાંડ બાદ, ૨૦૨૧ થી ૨૦૨૫ દરમિયાન મનરેગા યોજના હેઠળ થઈ રહેલા કામોમાં ખોટા દસ્તાવેજો બનાવીને ગેરરીતિઓ આચરવામાં આવી હતી. આ ગેરરીતિની રકમ ૭૧ કરોડ રૂપિયાની થઈ હોવાનું સામે આવતા આ મામલે દાહોદ પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી અને પોલીસે ધાનપુર અને દેવગઢ બારિયાની ૩૫ એજન્સીઓ સામે ગુનો નોંધ્યો હતો. કથિત મનરેગા કૌભાંડમાં મંત્રી પુત્રોના નામ ઉછળતાં ચકચાર મચી ગઈ હતી.

કૌભાંડ મામલે પંચાયતના જવાબદાર અધિકારીઓ દ્વારા તપાસ કર્યા પછી, વચગાળાના અહેવાલના આધારે જિલ્લા વિકાસ અધિકારીને અહેવાલ સુપરત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ,.ડીઆરડીએ ડિરેક્ટરની ફરિયાદના આધારે, પોલીસે દેવગઢ બારિયાની ૨૮ એજન્સીઓ અને ધાનપુર તાલુકાની ૭ એજન્સીઓ સહિત માલ સપ્લાય કરતી ૩૫ એજન્સીઓ સામે પૈસા સહિત કેસ નોંધીને સમગ્ર જિલ્લામાં ખળભળાટ મચાવી દીધો છે.

મનરેગા યોજના હેઠળ દાહોદ જિલ્લાના દેવગઢ બારિયામાં ૬૦.૯૦ કરોડ રૂપિયા અને ધાનપુરમાં ૧૦.૧૦ કરોડ રૂપિયા એટલે કે કુલ ૭૧ કરોડ રૂપિયાનું કૌભાંડ પકડાયું છે. તો પછી પ્રશ્ન એ ઊભો થાય છે કે આ રકમ ફક્ત બે તાલુકા માટે પૂરતી છે. જો સમગ્ર જિલ્લામાં મનરેગાના કામોની સ્થળ પર ચકાસણી અને મંજૂર થયેલા બિલોની તુલના કરવામાં આવે તો આ કૌભાંડ ક્યાં સુધી પહોંચશે તેની કલ્પના કરવી મુશ્કેલ છે.

# રાજકોટની લોધિકા ગ્રામ પંચાયત જમીન કૌભાંડ મામલામાં મહિલા સરપંચ સસ્પેન્ડ

રાજકોટ,

રાજકોટમાં લોધિકા ગ્રામ પંચાયત જમીન કૌભાંડ સંદર્ભે મહિલા સરપંચને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ વિવાદિત મહિલા સરપંચને જિલ્લા વિકાસ અધિકારીએ સસ્પેન્ડ કર્યા છે. તપાસમાં મહિલા સરપંચે જૂના-નવા ગામતળમાં કુલ ૧૪ પ્લોટ સત્તા બહાર હરાજી કરી હોવાનું બહાર આવ્યું હતું.

લોધિકા ગ્રામ પંચાયત રાજકોટની સૌથી મોટી ગ્રામ પંચાયત ગણાય છે. સરપંચ સુધાબેન વસોયને કલમ નંબર ૫૭(૧) મુજબ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ડ્ઢર્ઙ્ઘ અનંદુ સુરેશ ગોવિંદ દ્વારા મહિલા સરપંચને સસ્પેન્ડ કરવામાં આવતા સોંપો પડી ગયો છે.

પ્રાપ્ત વિગત મુજબ લોધિકા તાલુકાના લોધિકા ગામમાં ૧.૦૪ ગુઠા મંજુર થયેલ નવા ગામતળ લે-આઉટ પ્લાનમાં ૩૦૦ ચો.વાર ક્ષેત્રફળના પ્લોટ નં.૬ પર લોધિકા ગામના સરપંચ સુધાબેન કિશોરભાઈ વસોયાએ તાલુકા વિકાસ અધિકારીને જાણ કર્યા વગર તથા કોઈપણ જાતની પરવાનગી વગર થોરડી રોડ ઉપર આવેલ આ પ્લોટ નં.૬ના સબ પ્લોટીંગ અને દસ્તાવેજ કરી ખુલ્લી હરાજી કર્યા વગર મળતીયાઓને પ્લોટ ફાળવી દીધો હતો.

સરપંચ દ્વારા પ્લોટ નં. ૬/૧ અને પ્લોટ નં.૬/૨નુ તા. ૧૭ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ વેચાણ કરાયું હતું.આ કામગીરી માટે હરરાજીનું જાહેરનામું પ્રસિદ્ધ કરવા અને હરરાજીની કાર્યવાહી માટે તાલુકા વિકાસ અધિકારીના અધિકારની ઉપરવટ થઈ મનસ્વી રીતે હરરાજીની અપસેટ પ્રાઈઝ નક્કી કરીને અન્ય કુલ ૧૪ પ્લોટની સંપૂર્ણ હરરાજીની પ્રક્રિયા જાતે જ પૂર્ણ કરી હતી. અને પોતાના મળતીયાઓને પ્લોટ ફાળવવામાં આવ્યા હતા. જે અંતર્ગત જિલ્લા વિકાસ અધિકારી નવનાથ ગવ્હાણે દ્વારા લોધિકા ગ્રામ પંચાયતના સરપંચ સુધાબેન કિશોરભાઈ વસોયા સામે કડક કાર્યવાહી કરાઈ છે.

## જૂનાગઢમાં નરસિંહ મહેતા તળાવની નબળી કામગીરી મુદ્દે ભાજપના કોર્પોરેટરે વીડિયો બનાવી ગેરરીતિના આક્ષેપ કર્યા

જૂનાગઢ,

જુનાગઢના નરસિંહ મહેતા તળાવની કામગીરી ફરી વિવાદમાં આવી છે. વોર્ડ નંબર ૭ના ભાજપના જ કોર્પોરેટર જયેશ બોઘરાએ વીડિયો બનાવી નરસિંહ મહેતા તળાવની કામગીરીમાં ગેરરીતિનો આક્ષેપ લગાવી સવાલો ઉઠાવ્યા છે. કોર્પોરેટર જયેશ બોઘરાએ સ્થળ નિરીક્ષણ કરી નબળી કામગીરીની પોલ ખોલી છે. તેમણે તળાવના બ્યુટીફિકેશનમાં નબળી ગુણવત્તાનું કામ થતું હોવાનો દાવો કર્યો. દીવાલની ટાઈલ્સ તૂટીને હાથમાં આવી જતી હોવાનું પણ જોવા મળ્યું. આ મામલે કોર્પોરેટરે એજન્સી સહિત જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવાની માગ કરી છે.

બીજી તરફ જુનાગઢ મનપાના વિપક્ષ નેતા લલિત પરસાણાએ નરસિંહ મહેતા તળાવની ઢીલી કામગીરી સામે સવાલ ઉઠાવ્યા અને કહ્યું કે આ તળાવ સત્તા પક્ષ માટે ભ્રષ્ટાચાર કરવાનું સાધન બની ગયું છે. જુનાગઢ મપાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પલ્લવી ઠાકરે તળાવની નબળી કામગીરી મુદ્દે સ્પષ્ટતા કરતા કહ્યું કે તળાવનું કામ મજબૂત થાય તે માટે મનપા પ્રયાસ કરે છે. નબળી કામગીરી કોઈપણ સ્થિતિમાં ચલાવી લેવામાં નહીં આવે.

જુનાગઢ મનપા કમિશનરે કહ્યું કે ટાઈલ્સ ઉખડી જવાની જે સમસ્યા છે. ચકાસણી બાદ કામમાં જો કોઈ ખામી જણાશે તો બિલનું પેમેન્ટ નહી કરવામાં આવે. ખામી નહી હોય તો કામ ચાલુ રખાશે જરૂર પડશે તો ટાઈલ્સની ડિઝાઈનમાં પણ ફેરફાર કરાશે.

નરસિંહ મહેતા તળાવની મંથર ગતિએ ચાલતી કામગીરી સામે પહેલા પણ સવાલ ઉઠતા આવ્યા હવે નબળી ગુણવત્તાની કામગીરી અંગે ખુદ સત્તા પક્ષના કોર્પોરેટર જ સવાલ ઉઠાવી રહ્યા છે. ત્યારે હવે એ જોવું રહેશે કે તપાસ બાદ મનપા શું કાર્યવાહી કરે છે.

# વડોદરામાં નંદેસરીમાં કોંગ્રેસનાં નેતાનાં પુત્ર સામે એટ્રોસિટી અને દુષ્કર્મની ફરિયાદ

વડોદરા,

વડોદરામાં નંદેસરીનાં કોંગ્રેસનાં નેતાનાં પુત્ર સામે એટ્રોસિટી અને દુષ્કર્મની ફરિયાદ નોંધાવાઈ છે. ૨૬ વર્ષીય યુવતી ગર્ભવતી બનતા જબરજસ્તી ગર્ભપાત કરાવ્યો હતો. યુવતીના પરિવારે અનિરૂદ્ધસિંહ વિરૂદ્ધ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે, તેમજ ગુનો નોંધી પોલીસે આરોપીની શોધખોળ શરૂ કરી છે.

સંસ્કારી નગરી વડોદરામાં વધુ એક દુષ્કર્મની પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. નંદેસરીનાં કોંગી નેતા રાજેન્દ્રસિંહ ગોહિલના પુત્ર સામે અનિરૂદ્ધસિંહ ગોહિલ સામે દુષ્કર્મ તેમજ એટ્રોસિટીની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ૨૬ વર્ષીય આરોપીએ યુવતી સાથે દુષ્કર્મ આચર્યુમ હતું, બાદમાં યુવતી ગર્ભવતી બનતાં જબરજસ્તીથી ગર્ભપાત કરાવતા યુવતીએ આરોપી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. યુવતીના પરિજનોએ પોલીસ મથકે અનિરૂદ્ધસિંહ સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે યુવતીનું મેડિકલ પરીક્ષણ કરાવ્યું છે. તેમજ એટ્રોસિટી અને દુષ્કર્મનો ગુનો નોંધી આરોપી શોધખોળ શરુ કરી છે.

અગાઉ નવસારીમાં ભાજપના મીડિયા સેલના પૂર્વ કન્વીનર અને ટેટૂ આર્ટિસ્ટ જય સોનીએ આદિવાસી યુવતીને ફોસલાવી આદિવાસી સમાજની યુવતી સાથે શારીરિક સંબંધો બાંધ્યા હોવાનો યુવતીએ આક્ષેપો સાથેની અરજી કરતા ખળભળાટ મચી ગયો હતો. જેમાં નવસારી ડીવાયએસપીએ દુષ્કર્મ અને એટ્રોસિટી એક્ટ હેઠળ ફરિયાદ નોંધી હતી, આ મામલે સઘન તપાસ હાથ ધરવામાં આવીહતી.

## દાહોદના લીમડી સહિતના આસપાસના વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ તૂટી પડ્યો

દાહોદ,

હવામાન વિભાગની આગાહી વચ્ચે દાહોદમાં કમોસમી વરસાદ ખાબક્યો છે. દાહોદના લીમડી સહિતના આસપાસના વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસ્યો છે. દાહોદના અનેક વિસ્તારમાં પવન અને ગાજવીજ સાથે વરસાદ વરસ્યો છે. જો કે ભરઉનાળામાં વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. ભર ઉનાળામાં ચોમાસા જેવા માહોલ સર્જાતા સ્થાનિકોને ગરમીથી રાહત મળી હતી.

હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલની આગાહી અનુસાર રાજ્યમાં ૧૭ મે બાદ આકરી ગરમી પડી શકે છે. અંબાલાલ પટેલના જણાવ્યા મુજબ અમદાવાદ, ગાંધીનગર અને મધ્ય ગુજરાતમાં આકરી ગરમીના એંધાણ છે. આ દરમિયાન કેટલાક વિસ્તારોમાં તાપમાન ૪૪ ડિગ્રી સુધી પહોંચી શકે છે.

ગરમીનો નવો રાઉન્ડ પૂર્ણ થયા બાદ ગુજરાતમાં ફરી કમોસમી વરસાદ પડી શકે છે. અંબાલાલના જણાવ્યા મુજબ ૨૫ મે બાદ બંગાળના ઉપસાગર અને અરબી સમુદ્રમાં ચક્રવાત સર્જાવાને કારણે ગુજરાતમાં વરસાદની શક્યતા છે.ગુજરાતના કેટલાક વિસ્તારોમાં આંધી-વંટોળ સાથે વરસાદ પડી શકે છે.તો સૌરાષ્ટ્રમાં પણ ગાજવીજ સાથે વરસાદ ત્રાટકી શકે છે.



ધોળકામાં અહલ્યાબાઈ હોલકરની ૩૦૦મી જન્મજયંતી:ભાજપે કાર્યશાળા યોજી, પૂર્વ મંત્રી ચુડાસમા સહિત અનેક નેતાઓ ઉપસ્થિત રહ્યા

# રાજકોટમાં 'ખૂન કા બદલા ખૂન' જેવી ઘટના, બનેવીએ સગા સાળાના દીકરાને જ મોતને ઘાટ ઉતારી નાંખ્યો

રાજકોટ,

રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં 'ખૂન કા બદલા ખૂન' માફકની ઘટના સામે આવી છે. પોતાના દિકરાના મર્ડરનો બદલો લેવા પિતાએ અન્ય બે દીકરાઓ તેમજ દીકરાના મિત્ર સાથે મળી સગા સાળાના દીકરાનું પહેલા અપહરણ કર્યું હતું. જે બાદ તેને ગંભીર ઈજા પહોંચાડતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જોકે સારવાર દરમિયાન તેનું મૃત્યુ થતા અપહરણનો બનાવ હત્યામાં પલટાયો છે અને આ કેસમાં ચોંકાવનારા ઘટસ્ફોટ થયા છે.

ઘટના રાજકોટના રૈયાધાર વિસ્તારની છે, જ્યાં મજૂરી કામકાજ કરનારા તેમજ મૃતક શિવરાજના મોટા બાપુ રાજેશ મુછડીયાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે, જે મુજબ ફરિયાદી રાજેશ મુછડીયાનો નાનો ભાઈ ગોવિંદ મુછડીયા તેમજ તેની પત્ની કંચન મુછડીયા હાલ મર્ડર કેસમાં પોપટપરા જેલમાં છે. કારણ કે આઠ મહિના અગાઉ ભાઈ ગોવિંદ મુછડીયાના સગા બનેવી હમીર મેરીયાનો મોટો દીકરો જયદીપ દારૂ પીને અવારનવાર ગોવિંદના ઘરે જતો હતો અને 'તમારી દીકરી મને ગમે છે, તેની સાથે મારા લગ્ન કરાવી દો' તેમ કહી ઝઘડો કરતો હતો. જેથી ભાઈ ગોવિંદ તેમજ તેની પત્ની કંચને જયદીપને માર મારતા તેનું મોત નીપજ્યું હતું.

આ બાબતનો ખાર રાખીને ગત ૧૩ મે ૨૦૨૫ના રોજ હમીર મેરીયાએ તેના દીકરા રાહુલ અને ખુશાલ તેમજ તેના મિત્ર રોહિત સાથે મળીને મેટોડા જીઆઇડીસી ખાતેથી શિવરાજને બળજબરીપૂર્વક તેમની ફોર વ્હીલર કારમાં બેસાડ્યો હતો. ત્યારબાદ તેને રાજકોટના નવા રિંગ રોડ પર આવેલા પરશુરામ મંદિર સામેના મકાનમાં લઈ જઈ છરી, ધોકા સહિતના હથિયારો વડે શરીરના જુદા જુદા ભાગે જીવલેણ ઘા ઝીંક્યા હતા. જે બાદ શિવરાજને ૧૦૮ મારફતે રાજકોટ શહેરની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.જીફરિયાદીએ સંપૂર્ણ ઘટનાક્રમ યાદ કરતા જણાવ્યું કે, ૧૩મી તારીખના રોજ હું મારા ઘરે હતો ત્યારે મારા પત્નીના મોબાઈલ નંબર ઉપર મૃતક શિવરાજનો ફોન આવ્યો હતો અને તેણે જણાવ્યું હતું કે, 'પપ્પાના સાળાના દીકરા ખુશાલ અને રોહિત સહિતના વ્યક્તિઓ જીઆઇડીસી ખાતે આવ્યા છે અને મને બળજબરીપૂર્વક તેમની ગાડીમાં બેસાડી દીધો છે.' આટલું કહેતાની સાથે જ કપાઈ ગયો હતો અને ફોન બંધ થઈ ગયો હતો. એકાદ કલાક બાદ શિવરાજના ફોનમાંથી અજાણી વ્યક્તિનો ફોન આવ્યો હતો અને તેણે કહ્યું હતું કે, 'તમારા દીકરાનું એક્સિડન્ટ થઈ ગયું છે, તેને સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખાતે મોકલીએ છીએ.' જોકે, અમે હોસ્પિટલ પહોંચ્યા ત્યાં તેનું મોત નીપજ્યું હતું.

આ સમગ્ર મામલે જીઆઇડીસી પોલીસ સ્ટેશન ખાતે બુધવારના રોજ બીએનએસની કલમ ૧૩૭(૨), ૧૪૦(૧), ૧૦૯(૧), ૬૧(૨)(છ), ૧૧૮(૨) સહિતની કલમ હેઠળ મૃતકના પિતાના સગા બનેવી હમીર મેરીયા, તેમના દીકરા રાહુલ તથા ખુશાલ મેરીયા તેમજ તેના મિત્ર રોહિત રાખસિયા એમ ચાર વ્યક્તિઓ વિરુદ્ધ ગુનો નોંધાવવામાં આવ્યો હતો. ત્યારે પોલીસ દ્વારા તમામ આરોપીઓની ધરપકડ કરી તેમને જેલ હવાલે કરવામાં આવ્યા છે. તેમજ બનાવ સંદર્ભે કોર્ટમાં હત્યાની કલમનો ઉમેરો કરવા બાબતે રિપોર્ટ કરવામાં આવ્યો છે.

# વેજલપુર વિસ્તાર માં આવેલ નિરાલી સોસાયટી માં સરખેજ ના કોર્પોરેટર દ્વારા બનાવવા માં આવેલ ગેર કાયદેસર દુકાનો તોડી પાડવા આમ આદમી પાર્ટી દ્વારા કોર્પોરેશન કચેરી ખાતે હલ્લા બોલ



અમદાવાદ,

હાલ માં વેજલપુર અને વિવાદો અને બંને એક બીજા ના પરિયાઈ હોય તેવી પરિસ્થિતિ ઊભી થઈ છે.હાલ માં જ વેજલપુર વિધાનસભા માં ભાજપ ના વોર્ડ પ્રમુખ ની નિમણૂક ના વિવાદો બાદ વેજલપુર વોર્ડ ના વોર્ડ પ્રમુખ શ્રી મિલન પાઠક તથા વેજલપુર ના ભાજપ ના કાર્યકર્તા શ્રી રિતેશ અધ્વર્યુ દ્વારા સરકારી યુનિવર્સિટી એવી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી માં નોકરી નો વિવાદ ચાલતો હતો,થોડા સમય પહેલા વેજલપુર વિધાનસભા માં આવેલ સરખેજ વિસ્તાર ના કોર્પોર્ટર શ્રી સુરેન્દ્ર ખાચર વિરુદ્ધ તેમની જ સોસાયટી ના રહીશો દ્વારા તેમના વિરુદ્ધ આનંદ નગર પોલીસ્ટેશન માં ફરિયાદ નો વિવાદ હજુ સમ્યો નથી ત્યારે વેજલપુર વિસ્તાર માં આવેલ નિરાલી સોસાયટી ના રહીશો દ્વારા તેમની સોસાયટી માં સરખેજ વિસ્તાર ના ભાજપ ના ચાલુ કોર્પોરેટર દ્વારા તેમની સોસાયટી માં સોસાયટી ના કોમન એરિયા માં ૩ દુકાનો ૧૦ વર્ષ થી નિયમ વિરૂધ્ધ બનાવવામાં આવેલ છે જેની ફરિયાદ સોસાયટી દ્વારા ૩ વર્ષ થી કોર્પોરેશન માં કરવા છતાં કોર્પોરેશન ના નઠારા તંત્ર દ્વારા કોઈ એક્શન ન લેવાતા સોસાયટી દ્વારા આમ આદમી પાર્ટી ને રજૂઆત કરતા આજે આમ આદમી પાર્ટી ની ટીમ એસ્ટેટ ઓફિસર ને દિન ૭ દુકાનો તોડી નાખવા માટે ની ચીમકી આપી હતી અને આમ નહીં થાય તો ૭ દિવસ બાદ આંદોલન ની પણ ગર્ભિત ચીમકી આપવામાં આવી.આ હલ્લા બોલ ના પ્રોગ્રામ માં આમ આદમી પાર્ટી અમદાવાદ શહેર પ્રમુખ શ્રી વિજય પટેલ ,માલધારી પ્રદેશ પ્રમુખ શ્રી કિરણ દેસાઈ,મહિલા આગેવાન શ્રીમતી ગૌરી દેસાઈ તથા અમિત પંચાલ,તીર્થ શ્રીમાળી,વિજય મારુ સહિત વિવિધ આમ આદમી પાર્ટી ના આગેવાનો એ હાજરી આપી.

# ગીર સોમનાથમાં કોંગ્રેસનાં ધારાસભ્યે પોલીસ વડાને પત્ર લખ્યો, દૂષણો અટકાવવા માગ કરી

ગીરસોમનાથ,તા.૧૭

ગીર સોમનાથમાં કોંગ્રેસનાં ધારાસભ્યે જીલ્લાના પોલીસ વડાને સમગ્ર જીલ્લામાં તેમજ ધાર્મિક સ્થળ પર અસમાજીક પ્રવૃતિઓ જેવા દૂષણો થઈ રહી હોવાથી તાત્કાલિક દૂષણો બંધ કરાવે તેવી પત્ર લખી માગ કરી છે.

ગીર સોમનાથમાં વિશ્વનું પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મહાદેવ મંદિર આવેલ છે. ધાર્મિક સ્થળ પર દારૂ, ક્રિકેટના સટ્ટા, જુગાર જેવા અડ્ડાઓ ધમધમી રહ્યા છે જેથી કોંગ્રેસનાં ધારાસભ્ય વિમલ ચુડાસમાએ જિલ્લા પોલીસ વડાને પત્ર લખી તાત્કાલિક દૂષણ બંધ કરાવે તેવી માગ કરી છે. વેરાવળ-પાટણના ભિડિયામાં ચાલતા દૂષણો પર પત્ર લખ્યો છે. જેમાં દારૂ, ક્રિકેટ સટ્ટા, જુગારના અડ્ડાઓ ધમધમી રહ્યાનો ઉલ્લેખ કર્યો છે.

વિશ્વનું પ્રથમ જ્યોતિર્લિંગ ગીર સોમનાથમાં આવ્યું છે. સોમનાથ મંદિરે મોટી સંખ્યામાં લોકો દર્શને આવતા હોય છે. સોમનાથમાં આ પ્રકારના દૂષણને ન ચલાવવા અંગે રજુઆત કરી છે. સ્થાનિક પોલીસની રહેમ નજરથી અડ્ડાઓ ચાલતાનો આક્ષેપ કરાયો છે.

જિલ્લા પોલીસ વડા તાત્કાલિક દૂષણ બંધ કરાવે તેવી માગ કરી છે, આગામી દિવસોમાં કાર્યવાહી નહીં થાય તો જનતા રેડની ચીમકી ઉચ્ચારી છે.

# ગુજરાતે દાખલો બેસાડ્યો,દેશના ઈતિહાસમાં પ્રથમવાર વ્યાજખોરોની મિલ્કત જપ્ત કરાઈ

## કચ્છ જિલ્લાના અંજાર શહેરમાં વ્યાજખોરીની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા અંજાર પોલીસે ઐતિહાસિક કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર,

દેશના ઈતિહાસમાં પ્રથમવાર ગુજરાત પોલીસ દ્વારા આવા વ્યાજખોરોની મિલ્કત પણ જપ્ત કરી લઈ વ્યાજખોરોને આ પ્રકારનો ગુનો આચરવાનો વિચાર પણ ન આવે તે પ્રકારનો દાખલો બેસે તેવી કડક કાર્યવાહી થઈ છે.

રાજ્યમાં નિર્દોષ નાગરિકોને રંજાડતા વ્યાજખોરો સામે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની સુચનાથી ગુજરાત પોલીસે ખુબ કડકાઈ સાથે આકરા પગલા ભર્યા છે. ત્યારે વ્યાજખોરોની મિલકત જપ્ત કરવાનો નિર્ણય લેવાયો છે. આ નોંધપાત્ર કાર્યવાહી બદલ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ કચ્છ પૂર્વના એસ.પી. શ્રીગર બાગમાર અને તેમની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા છે. આ કાર્યવાહીએ ગુજરાત પોલીસની કાર્યક્ષમતા અને ગુનાહિત પ્રવૃત્તિઓ સામે ઝીરો ટોલરન્સની નીતિને રેખાંકિત કરી છે.

ગુજરાતમાં કચ્છ જિલ્લાના અંજાર શહેરમાં વ્યાજખોરીની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા અંજાર પોલીસે ઐતિહાસિક કાર્યવાહી હાથ ધરી છે. ગુજરાત પોલીસના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ, ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ (જી.સી.ટી.ઓ.સી.) કાયદા અન્વયે વ્યાજખોરીની ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા આરોપીઓ સામે કડક પગલાં લેવામાં આવ્યાં છે. આ કાર્યવાહીમાં આરોપીઓ દ્વારા વ્યાજખોરી દ્વારા મેળવેલી લગભગ ૬૩.૪૬ લાખ રૂપિયાની મિલકત એટલે કે ચાર મકાન, બે પ્લોટ અને એક સ્કોર્પિયો ગાડી સહિતની મિલ્કત જપ્ત કરવામાં આવી છે, જે દેશના ઈતિહાસમાં પ્રથમવાર આ પ્રકારની કાર્યવાહી તરીકે નોંધાઈ છે.

મંત્રી હર્ષ સંઘવીના દિશાનિર્દેશથી રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા રાજ્યભરના પોલીસ સ્ટેશનોને વ્યાજખોરો સામે કડક કાર્યવાહી કરવા અને તેમની ગેરકાયદેસર મિલ્કતો જપ્ત કરવા સૂચના આપવામાં આવી હતી. આ અંતર્ગત, સરહદી રેન્જ ભુજના પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડિયા અને પૂર્વ કચ્છ ગાંધીધામના પોલીસ અધિક્ષક સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ અંજાર પોલીસે સંગઠિત ગુનાહિત ટોળકીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી. તેમની ટીમે વ્યાજખોરીની ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા ત્રણ આરોપીઓ—રિયાબેન ઈશ્વરગર ગૌસ્વામી, આરતીબેન ઈશ્વરગર ગૌસ્વામી અને તેજસ ઈશ્વરગર ગૌસ્વામી, રહે. મંકલેશ્વર, અંજાર—સામે કાર્યવાહી કરી. આ આરોપીઓએ સંગઠિત ગુના સિન્ડિકેટ બનાવી, આર્થિક ફાયદા માટે વ્યાજખોરીના ગુનાઓ આચર્યા હતા.

જપ્ત કરાયેલી મિલ્કતોમાં રિયાબેનના નામે મેઘપર બોરીચીમાં એક પ્લોટ (૨.૫૨ લાખ), મહિન્દ્રા સ્કોર્પિયો ગાડી (૧૪.૭૯ લાખ), અને અંજારમાં દેવનગરમાં પ્લોટ (૧૨.૪૨ લાખ); આરતીબેનના નામે અંજારના દેવનગરમાં પ્લોટ (૬.૪૫ લાખ); તેમજ આરોપીઓની માતાનાં નામે મેઘપર બોરીચીમાં બે પ્લોટ (૦.૬૦ લાખ અને ૧૨.૯૪ લાખ) અને અંજારમાં ગંગોત્રી-૦૨માં પ્લોટ (૧૩.૭૧ લાખ)નો સમાવેશ થાય છે. આ કુલ મિલ્કતોની કિંમત ૬૩.૪૬ લાખ રૂપિયા છે.

આ કાર્યવાહી દરમિયાન, પોલીસે આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ તપાસ્યો, જેમાં અનેક ગંભીર ગુનાઓનો સમાવેશ થાય છે. આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા, ગુજરાત નાણાં ધીરધાર અધિનિયમ અને જી.સી.ટી.ઓ.સી. કાયદા હેઠળ કેસ નોંધવામાં આવ્યા છે. પોલીસે આ મિલ્કતોની ઝડતી અને જપ્તીની પ્રક્રિયા પૂર્ણ કરી, જેની દરખાસ્ત ગૃહ વિભાગ, ગાંધીનગરને મોકલવામાં આવી હતી. ગૃહ વિભાગના હુકમ આધારે આ મિલ્કતોને જપ્ત કરવામાં આવી છે.



મકરબા વિસ્તારમાં અલીફ રો-હાઉસ નામથી ૨૯૨ મકાનો ગેરકાયદે બાંધી દીધા, પોલીસ બંદોબસ્ત સાથે તોડવાની શરૂઆત

# જીપીએસસીમાં મૌખિક પરિક્ષામાં એસસી,એસટી,ઓબીસીને અન્યાય અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને સામાજિક અગ્રણી રજૂઆત કરી

ગાંધીનગર,

તાજેતરમાં જીપીએસસી મૌખિક પરિક્ષામાં નાપાસ થતા વિધાર્થીઓ યુપીએસસી ઈન્ટરવ્યુમાં પાસ થયા છે. જે અંગે જીપીએસસીના ચેરમેન હસમુખ પટેલ ઉપર સૌથી મોટો આક્ષેપ કરવામાં આવ્યો છે કે, જીપીએસસીની મૌખિક પરીક્ષા નિષ્પક્ષ નથી થઈ કેમકે તેમાં એસસી એસટી ઓબીસી સમુદાયના વિદ્યાર્થીઓ સાથે અન્યાય થયો છે. આ પ્રકારનો આક્ષેપ તાજેતરમાં જીપીએસસી દ્વારા લેવાયેલી પરીક્ષામાં સંશોધનના તારણમાં આધારે અક્ષર અકાદમીના ડાયરેક્ટર અને પૂર્વ પ્રોફેસર બી સી રાઠોડ જીપીએસસીમાં લેવાયેલી મૌખિક પરીક્ષાના પરિણામોમાં ચકાસણી દ્વારા કહેવામાં આવી રહ્યું છે. કેમકે જીપીએસસી મૌખિક પરીક્ષામાં નીચા માર્ક આપીને જનરલ કેટેગરીમાં સમાવેશ ન થાય તેવું પરિણામ આપવામાં આવે છે.

જીપીએસસીના ચેરમેન ઈન્ટરવ્યૂ લેવડાવે પરંતુ પરિણામમાં મનમાની તો ચેરમેનની જ હોય તેવું લાગે છે. કેમકે ૧૦૦ માર્ક્સના ઈન્ટરવ્યૂમાં એસસી એસટી અને ઓબીસી સમુદાયના વિદ્યાર્થીને મળ્યા ફક્ત ૫૦ માર્કથી નીચે હોય જ્યારે જનરલ કેટેગરીના વિદ્યાર્થીને મૌખિકમાં ૭૦થી વધુ માર્ક અપાય છે. જેથી આ પ્રકારનો અન્યાય કરીને એસસી એસટી અને ઓબીસી સમુદાયના વિદ્યાર્થીઓ જનરલ કેટેગરીમાં સમાવેશ ન થાય તેનું કારસ્તાન થઈ રહ્યું છે. જોકે આ અંગે ભાજપના નેતા અને આંજણા ચૌધરી સમુદાયના અગ્રણી હરિભાઈ ચૌધરીએ પણ મુખ્યમંત્રી પત્ર મારફત રજૂઆત કરી છે.

તેમાં જણાવ્યું છે કે,જીપીએસસી લેખિત પરીક્ષામાં ૪૦૦ ઉપર માર્કસ મેળવનાર ૧૦થી વધુ વિદ્યાર્થીને ઈન્ટરવ્યૂમાં ૫૦થી ઓછા માર્કસ આપવામાં આવ્યા છે. બીજી તરફ ઈબીસી વર્ગના ૪૦૦થી ઓછા માર્કસ લાવનાર અનેક વિદ્યાર્થીને ઈન્ટરવ્યૂમાં ૭૦થી વધારે માર્કસ આપવામાં આવ્યા છે. આ જ પ્રકારે જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓને પણ ઈન્ટરવ્યૂમાં સારા માર્ક્સ આપવામાં આવ્યા છે. આ પરિણામ આવી જ માનસિકતા બતાવે છે. હસમુખ પટેલના આવ્યા પહેલાં ૩૪૦૦ જણાની પરીક્ષા લેવાઈ, જેમાંથી માત્ર ૧૧ વિદ્યાર્થીને ઈન્ટરવ્યૂમાં ૨૫થી ઓછા માર્ક મળ્યા છે. જ્યારે હસમુખભાઈના અધ્યક્ષ સ્થાને ૭૦૦ વિદ્યાર્થીમાંથી ૧૩૬ વિદ્યાર્થીઓને ૨૫થી ઓછા માર્ક મળ્યા છે.

વર્ષોથી આવા નાના-મોટા પ્રશ્નો તો સામે આવી ચૂક્યા છે. હવે તો આ લોકો ઈન્ટરવ્યૂના ૧૦૦માંથી ૧૫૦ માર્ક કરવા જઈ રહ્યા છે. જો આવું થશે તો કોઈ લેખિતમાં સારા માર્ક લાવ્યા હોય છતાં પણ ઈન્ટરવ્યૂમાં ઓછા માર્ક આપવામાં આવશે તો તે ક્યારેય પાસ નહીં થાય. હું અહીં કોઈ જ્ઞાતિનો વિરોધ નથી કરતો પણ કોઈ કારણોસર અમુક ચોક્કસ જ્ઞાતિના લોકોને વધારે માર્ક આપવામાં આવે છે એ અયોગ્ય છે. આ ફક્ત અમારા સમાજનો પ્રશ્ન નથી.એસસી,એસટી,ઓબીસી એમ તમામ સમાજનો પ્રશ્ન છે. પરતું સવાલ એ છે કે, મારા સમાજના લોકો કહે છે કે, અમે ખેડૂતો છીએ, પશુપાલનમાંથી મથીને પૈસા ભેગા કરીએ છીએ. મહિને ૫-૬ હજાર રૂપિયા ખર્ચીને અહીં ક્લાસ ભરીએ છીએ, પરીક્ષા આપીએ છીએ. માર્ક આવે ત્યારે એમ લાગે કે, અમે તો પાસ થઈ ગયા પણ મૌખિક ઈન્ટરવ્યૂમાં નીચા માર્ક આપીને નાપાસ કરાય છે ત્યારે અમારે આપઘાત કરવાનો વારો આવે છે આવી પરિસ્થિતિ છે. અમારા સમાજનો છોકરો યુપીએસસીમાં પાસ થયો ત્યારે અમને ખબર પડી કે હકીકતમાં આ ફરિયાદ સાચી છે. ભાજપના કેટલાક ધારાસભ્યો પણ એમ કહે છે કે તમે લડો, અમે તમને મદદ કરીશું, કેમ કે અન્યાય તો ન જ થવો જોઈએ.

ઉમેદવારો તો એવું કહે છે કે, તમે કહો તો અમે પાંચેક હજાર ઉમેદવારો આવી જઈએ પણ હું સરકારને ડેમેજ કરવા નથી માગતો. ભૂપેન્દ્રભાઈ પટેલે આજ સુધીમાં કોઈને નેગેટિવ જવાબ આપ્યો નથી.એલઆરડીમાં પણ સંખ્યા વધારીને તેમણે ન્યાય આપ્યો છે. જો યોગ્ય ન્યાય નહીં મળે તો બધા જ સમાજના આગેવાનને બોલાવી સરકારમાં રજૂઆત કરીશું, બાકી અમે તો કોર્ટ મેટર કરવાના જ છીએ. આનો તો અમે જવાબ માગવાના જ છીએ. આમ જીપીએસસી મૌખિક પરીક્ષા અંગે તારનો આધારે મુખ્યમંત્રી રજૂઆત કરવામાં આવી છે. ઉકેલ મળે તેવી અપેક્ષા આમાં સેવમામાં આવી રહી છે.

# અમદાવાદના સરખેજ જુહાપુરા રોડ પરથી ૭.૫૦ લાખનો ડ્રગ્સનો જથ્થો ઝડપાયો

અમદાવાદ,તા.૧૭

અમદાવાદના વેજલપુર, સરખેજ જુહાપુરા રોડ પર યુનિક એપાર્ટમેન્ટની સામે જુહાપુરા ચાર રસ્તા પાસેથી રિક્ષામાં ડ્રગ્સનો જથ્થો લઈને જઈ રહેલા ત્રણ શખ્સોને સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમે ઝડપી લીધા હતા.તપાસ કરતા તેમની પાસેથી રૂ.૭.૫૦,૮૦૦ ની કિંમતનો મફેડ્રોનનો ૭૫.૦૮૦ ગ્રામ જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ડ્ગર્સનો જથ્થો ,બે મોબાઈલ, રૂ.૬,૦૦૦ રોકડા અને રિક્ષા મળીને કુલ રૂ. ૯,૧૬,૮૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસે આ કેસમાં જુહાપુરામાં મક્કાનગરમાં રહેતા જાવેદ જે.મેમણ, જુહાપુરામાં કાજલ પાર્કમાં રહેતા સાહિલ એચ.મલાની અને જુહાપુરામાં કાજલ પાર્કમાં રહેતા વસીમ મોહમ્મદ એચ.કાપડીયાની ધરપકડ કરી હતી. જ્યારે ડ્રગ્સનો જથ્થો મોકલનારા બે ફરાર શખ્સોની શોધ હાથ ધરી છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઓપરેશન સિંદૂરને વધાવવા તિરંગા યાત્રામાં જોડાયા

અમદાવાદ,તા.૧૭

ભારતીય સેનાના અપ્રતિમ શૌર્ય અને પરાક્રમના પ્રતીક ઓપરેશન સિંદૂરને સન્માનિત કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વિધાનસભા મત વિસ્તાર ઘાટલોડિયા વિસ્તારમાં ભવ્ય તિરંગા યાત્રા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

લપકામણ ગામથી પ્રારંભ થયેલી આ રેલી અદાણી શાંતિગ્રામ સુધી પહોંચી હતી જે દરમિયાન રાષ્ટ્રભક્તિના અનોખા દ્રશ્યો સર્જાયા હતાં. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ રેલીમાં સહભાગી થઈને યુવાનો અને ગ્રામજનોમાં રાષ્ટ્રપ્રેમનો સંચાર કર્યો હતો. ખુલ્લી જીપમાં સવાર થઈને તેમણે સમગ્ર રૂટ દરમિયાન ગ્રામજનોનું ઉષ્માભર્યું અભિવાદન ઝીલ્યું હતું.

લપકામણ, લીલાપુર, ખોડીયાર અને આસપાસના ગામોના સેંકડો યુવાનોએ ઉત્સાહભેર આ બાઈક રેલીમાં ભાગ લીધો હતો. સમગ્ર માર્ગ પર ભારત માતાના જયઘોષથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું, અને ગ્રામજનોએ હિન્દની સેનાના વીરત્વને પુષ્પોથી વધાવી લીધું હતું. આ રેલીમાં અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી વિદેહ ખરે, વિવિધ ગામોના સરપંચ, પંચાયતના પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનોએ ભાગ લીધો હતો.

# ખેડાના નડિયાદના શાંતિ ફળિયા વિસ્તારમાં કોલેરાગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો છે

ખેડા

ગુજરાતના ખેડાના નડિયાદના શાંતિ ફળિયા વિસ્તારમાં કોલેરાગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો છે. શાંતિ ફળિયામાં ઝાડા-ઉલટીના કેસ વધ્યા હતા. જેના કારણે આરોગ્ય વિભાગ દોડતું થયું છે. નડિયાદમાં કોલેરાના કેસો વધતા વિસ્તારમાં ખળભળાટ મચી જવા પામી છે. શાંતિ ફળિયા, અમદાવાદી દરવાજા સહિત કેટલાક વિસ્તારો કોલેરાગ્રસ્ત જાહેર કરાયો છે. તંત્રએ પાણીપુરી, બરફ ગોળા સહિતની લારીઓ બંધ કરાવી હતી.

શહેરના અમદાવાદી દરવાજા તેમજ શાંતિ ફળિયા વિસ્તાર ઉપરાંત આસપાસના બે કિલોમીટરના વિસ્તારને કોલેરાગ્રસ્ત જાહેર કરાયો છે. શહેરના શાંતિ ફળિયામાં ૧ કોલેરાનો કેસ મળ્યો છે. આ વિસ્તારમાં હજુ ૨૦ જેટલા ઝાડા ઉલ્ટીના કેસ સામે આવ્યા છે. કોર્પોરેશન દ્વારા તકેદારીના પગલા લેવાયા છે અને પાણીપુરી, બરફની લારી સહિત અન્ય હાટડીઓ બંધ કરાવી હતી. જિલ્લા કલેકટર અમિત પ્રકાશ યાદવે જાહેરનામુ બહાર પાડ્યું છે.

બીજી બાજુ સિવિલ હોસ્પિટલમાં ૧૨ બાળક સહિત ૨૨ મહિલાને દાખલ કરવામાં આવી છે. ખાનગી હોસ્પિટલમાં પણ દર્દીઓ સારવાર હેઠળ છે. પીવાના પાણીની પાઈપલાઈન દૂષિત પાણી ભળી જતા કોલેરા ફેલાયો હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે. મનપાએ પાઈપલાઈનમાં લીકેજ શોધી રિપેરિંગનું કામ હાથ ધરવામાં આવ્યું છે.

સિવિલ હોસ્પિટલમાં બાળકો સહિત મહિલાઓ દાખલ છે. સિવિલમાં ૧૨ બાળક સહિત ૨૨ મહિલા સારવાર હેઠળ દાખલ કરાયા છે. ત્યારથી મનપાનું આરોગ્ય વિભાગ પણ સતર્ક બન્યું છે. કલેક્ટરના જાહેરનામા બાદ સિવિલમાં અલગથી આઈસોલેશન વોર્ડ પણ તૈયાર કરાયો છે. અહીંના લોકોને ગરમીમાં બહારનું ખાવાનું ટાળવાની અને બપોરના સમયે કામ વગર બહાર ન નીકળવાની નિષ્ણાંતો દ્વારા સલાહ આપવામાં આવી છે.

# ચાલુ મહિનાના અંત સુધીમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી જાહેર થઈ શકે છે

ગાંધીનગર,તા.૧૭

ગુજરાતમાં ફરી ચૂંટણીના ભણકારા વાગી રહ્યાં છે. છેલ્લા કેટલાય સમયથી ગુજરાતમાં અટકી પડેલી ગ્રામ પંચાયતની ચૂંટણીના ઢોલ ફરી વાગી શકે છે. ૧૫ જુન પહેલા ચૂંટણી યોજાય તેવું લાગી રહ્યું છે. કારણ કે, રાજ્ય ચૂંટણી પંચે પંચાયતોની ચૂંટણી યોજવા તૈયારી આરંભી દીધી છે.

રાજ્ય ચૂંટણી પંચે તમામ કલેક્ટરને આ મામલે આદેશ પણ આપી દીધા છે. જ્યારે બોર્ડ મુજબના ફોટા સાથેની મતદાર યાદી તૈયાર કરવા માટે આદેશ અપાયા છે. ૧૫ જૂન એટલે કે સરકારી ચોપડે ચોમાસાની શરૂઆત થાય તે પહેલા ગુજરાત ગુજરાતમાં અટકી પડેલી લગભગ ૮૪૦૦ જેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાઈ શકે છે, એ મુજબની હાલ જે પ્રક્રિયા થઈ રહી છે.

ગુજરાતમાં ગ્રામ પંચાયતની ચૂંટણીની તૈયારીઓનો આરંભ થતા જ નવી આશા જાગી છે. કારણ કે, તેનાથી વહીવટદારોના શાસનનો અંત આવશે. આ જ મહિનાન અંતમાં ચૂંટણીની જાહેરાત થાય અને આગામી મહિનામાં ચૂંટણી યોજાય તેવુ લાગી રહ્યું છે.

ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ઈવીએમ નહિ હોય

મહત્વની વાત એ છેકે, પંચાયતોની ચૂંટણીમાં ઈવીએમનો ઉપયોગ નહિ થાય. બેલેટ પેપરની મદદથી આ ચૂંટણી યોજાશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્ય ચૂંટણી પંચે કલેક્ટરોએ પત્ર લખી પંચાયતોની ચૂંટણી માટે સજ્જ રહેવા આદેશ કર્યો છે. આ ઉપરાંત જરૂરિયાત મુજબ મતદાન મથકથી માંડીને સ્ટ્રોંગરૂમ નક્કી કરવા જરૂરી સૂચના અપાઈ છે. ચૂંટણી પંચે બેલેટપેપર છપાવવા પ્રિન્ટીંગ પ્રેસ નક્કી કરવા, ચૂંટણીનું સાહિત્ય અને સ્ટેશનરીની ખરીદી કરવા ટેન્ડર પ્રક્રિયા કરવા પણ જણાવી દીધું છે. કલેક્ટરોને પોલીસ ઉપરાંત ચૂંટણી સ્ટાફ માટેનો ડેટાબેઝ તૈયાર કરવા અને ચૂંટણી અધિકારી-મદદનીશ ચૂંટણી અધિકારી-કાઉન્ટીંગ સ્ટાફને તાલીમ આપવા પણ આયોજન કરાયુ છે. ગ્રામ પંચાયની ચૂંટણી હોય સરપંચ બનવા માંગતા દાવેદારોએ કમર કસી છે. તેઓએ અત્યારથી જ પ્રચાર માટેની તૈયારીઓ આરંભી દીધી છે.

# આગામી ૫ દિવસ રહેશે મધ્યમ વરસાદ, ખેડૂતોને માથે સંકટ યથાવત્

અમદાવાદ,તા.૧૭

હવામાન વિભાગે વરસાદની નવી આગાહી કરી છે. આગામી સાત દિવસ વરસાદની શક્યતા ભરપૂર રહેલી છે. સૌરાષ્ટ-કચ્છમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરાઈ છે. ઉત્તર-પૂર્વ અરબ સાગરમાં સાયક્લોનિક સિસ્ટમ સક્રિય થઈ છે. અંદામાન નિકોબાર, દક્ષિણ પશ્ચિં બંગાળમાં ચોમાસું બેસી ગયું છે. આ વખતે ગુજરાતમાં ૧૫ દિવસ વહેલા ચોમાસું બેસશે. નવસારી, વલસાડ, દમણમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે. દાદરા નગર હવેલી અને ડાંગ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

આ વર્ષે ગુજરાતમાં ચોમાસુ વહેલું આવી શકે છે, ભારતીય હવામાન વિભાગે રાજયના કેટલાક ભાગોમાં ૧૫ જૂન પહેલાં તેની શરૂઆત થવાની આગાહી કરી છે. જ્યારે ઘણા વિસ્તારોમાં પહેલાથી જ ચોમાસા પહેલાના વરસાદનો અનુભવ થઈ ચૂક્યો છે, ત્યારે ગઈકાલે હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું કે, આ સાયક્લોનિક પેટર્ન ૨૩ મે સુધી ચાલુ રહેવાની સંભાવના છે.

અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૮.૮□ સે નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ૩.૨ ડિગ્રી ઓછું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૯□ઝ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં લગભગ ૧.૫ ડિગ્રી વધારે હતું. ભેજનું પ્રમાણ મધ્યમ હતું, સવારે ૬૫ ટકા અને સાંજ સુધીમાં ઘટીને ૪૨ ટકા થઈ ગયું હતું.

દક્ષિણ ગુજરાત ઉપર સમુદ્ર સપાટીથી લગભગ ૫.૮ કિમી ઉપર ઉપરી હવા ચક્રવાતી પરિભ્રમણને કારણે રાજયના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ પડ્યો છે. દક્ષિણ ગુજરાત અને ઉત્તર કોંકણ કિનારાની નજીક, પૂર્વ-મધ્ય અને નજીકના ઉત્તરપૂર્વ અરબી સમુદ્ર પર બીજી એક સિસ્ટમ પણ સક્રિય છે, જેના કારણે ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે.

અમદાવાદમાં શહેરમાં ૨૩ મે પછી પણ હવામાનની એકંદર પેટર્ન યથાવત રહેવાની ધારણા છે અને આગામી બે દિવસમાં તાપમાનમાં કે વરસાદમાં કોઈ મોટો ફેરફાર થશે નહીં. ૧૮ અને ૧૯ મે છોટાઉદેપુર, નર્મદા, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દાહોદ, અમેરલી, ભાવનગરમાં સામાન્ય વરસાદ પડશે. આવતીકાલે ગીર સોમનાથ જીલ્લામાં છુટોછવાયો વરસાદ વરસશે. બાદમાં ૨૦ અને ૨૧ મેનાં રોજ નર્મદા, છોટાઉદેપુર, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દાહોદમાં વરસાદી ઝાપટાં પડશે.

# ઓપરેશન ગંગાજળ હેઠળ સફાયો કરો છો તો પહેલા રાજયનાં મંત્રીમંડળથી કરવી જોઈએ,અમિત ચાવડા

ગાંધીનગર,તા.૧૭

દાહોદમાં મનરેગા કૌભાંડમાં વ્યાપક ભ્રષ્ટાચાર મામલે વિપક્ષ નેતા અમિત ચાવડાની પ્રતિક્રિયા સામે આવી છે. તેમણે એક વીડિયોમાં જણાવ્યું છે કે મનરેગા યોજનામાં થતાં કૌભાંડની કોંગ્રેસે વિધાનસભામાં અનેક લેખિત અને મૌખિકમાં રજુઆતો કરી છે. ત્યારે આજે સરકાર જાગી છે. જવાબદાર કર્મચારીઓ અને એજન્સીએ કામ ન કરતા તેમની સામે કાર્યવાહી કરવા અનેક રજુઆતો પણ કરવામાં આવી હતી. તેમણે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને ટાંકીને કહ્યું કે, ઓપરેશન ગંગાજળ હેઠળ સફાયો કરો છો તો પહેલા રાજયનાં મંત્રીમંડળથી કરવી જોઈએ.



દાહોદમાં દેવગઢ બારિયા અને ધાનપુર તાલુકામાં થયેલ મનરેગા યોજનામાં મસમોટા કૌભાંડમાં ૫ કર્મીઓની પણ ધરપકડ થઈ છે, તેમજ રાજયનાં મંત્રી બચુ ખાબડના પુત્ર બળવંત ખાબડની ધરપકડ કરાઈ છે, તત્કાલિન ટીડીઓ દર્શન પટેલની પણ ધરપકડ કરવામાં આવી છે. પોલીસ કિરણ પટેલની શોધખોળ કરી રહી છે.ધાનપુર અને દેવગઢ બારીયામાં જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીની કચેરી દ્વારા મનરેગા યોજના અંતર્ગત થયેલી કામગીરીમાં ભ્રષ્ટાચારની ફરિયાદ દાખલ થઈ હતી. જવાબદાર એજન્સી અને કર્મચારીઓ વિરૂદ્ધ ૨૦૨૧-૨૪ દરમિયાન થયેલા રૂપિયા ૭૧ કરોડના કામોની તપાસમાં આરોપો મૂકાતા કાયદાકીય કાર્યવાહી કરવાની પણ ફરિયાદ દાખલ થઈ હતી. જેમાં ૨ એકાઉન્ટન્ટ સહિત ૫ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. આ કૌભાંડમાં કિરણ અને બળવંત ખાબડે આગોતરા જામીન અરજી પણ કરી હતી.

દાહોદ જિલ્લામાં નકલી દ્વછ જમીન કૌભાંડ બાદ, ૨૦૨૧ થી ૨૦૨૫ દરમિયાન મનરેગા યોજના હેઠળ થઈ રહેલા કામોમાં ખોટા દસ્તાવેજો બનાવીને ગેરરીતિઓ આચરવામાં આવી હતી. આ ગેરરીતિની રકમ ૭૧ કરોડ રૂપિયાની થઈ હોવાનું સામે આવતા આ મામલે દાહોદ પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી અને પોલીસે ધાનપુર અને દેવગઢ બારિયાની ૩૫ એજન્સીઓ સામે ગુનો નોંધ્યો હતો. કથિત મનરેગા કૌભાંડમાં મંત્રી પુત્રોના નામ ઉછળતાં ચકચાર મચી ગઈ હતી.

# અમદાવાદમાં જીન્સ બનાવતી કંપનીમાં શ્રમિકોના મોત થતાં ૨ની ધરપકડ

અમદાવાદ,તા.૧૭

અમદાવાદનાં દાણીલીમડામાં જીન્સ બનાવતી કંપનીમાં ટાંકીમાં ઉતરેલા ૩ યુવકના મોત થતાં પરિવારમાં શોક ફેલાયો છે. પરિવારજનો યુવકોનાં મૃતદેહ આખી રાત ટાંકીમાં રહ્યા હોવાનો આક્ષેપ કરી રહ્યાં છે. ત્યારે શ્રમિકોનાં મોત મામલે ૨ લોકો ફેક્ટરી માલિક અને કોન્ટ્રાકટરની ધરપકડ કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ શહેરમાં દાણીલીમડા વિસ્તારમાં ખોડિયારનગરની જીન્સ બનાવતી કંપનીમાં જીન્સનું કાપડ ધોવા ઉતરેલા યુવકોનાં મોત થયાનું સામે આવ્યું છે. સુનિલ રાઠવા, વિશાલ ઠાકોર, પ્રકાશ પરમારના મૃતદેહો રાતભર પાણીની ટાંકીમાં રહ્યાનો આરોપ મૂકવામાં આવ્યો છે. મણિનગરની એલ.જી. હોસ્પિટલમાં યુવકોના પરિજનો દોડી આવ્યા હતા. ત્યારે શ્રમિક મોત મામલે ફેક્ટરી માલિક અને કોન્ટ્રાક્ટની ધરપકડ કરી છે. નૌશાદ શેખ અને જીગ્નેશ પુરબિયાની ધરપકડ કરવામાં આવી છે.

ગઈકાલે એમ.કે. ક્રિએશન કંપનીમાં મોતની ઘટના બની હતી. ટાંકીમાંથી કેમિકલ બહાર કાઢતા શ્રમિક બેભાન થયો હતો. કેમિકલ ટાંકીમાં સોલિડ વેસ્ટ પણ ભરેલું હતું. ગેસ ગળતર થતા શ્રમિક ટાંકીમાં પડ્યો હતો, શ્રમિકને બચાવવા અન્ય બે શ્રમિકો ટાંકીમાં ઉતાર્યા હતા. ત્રણેય શ્રમિકોને ગેસની અસર થવાથી મોત નિપજ્યા હતા. ત્રણેય શ્રમિકોનું ગૂંગળાઈને મોત થયું હોવાની માહિતી સામે આવી છે. હ્લજી- રિપોર્ટ બાદ મોતનું ચોક્કસ કારણ બહાર આવશે. ટાંકી સફાઈ માટે સુરક્ષા નિયમ પાળવામાં આવ્યા નથી.

Printers, Owners, Publisher, : Bharatiben R. Mehta, Printing Press : Tirupati Offset, 3-B, Bhartiyanagar Society, Opp. Gordhanwadi Char Rasta, Apsra-Shahalam Road, Kankaria, Ahmedabad. Place Of Publication : 16, Rajsmruti Flat, Christian Colony, Nr. C.N.I. Church Hall, Behrampura, Ahmedabad-380022 Editor : Bharatiben R. Mehta